॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે સળંગ અંક ૪૫૩, ઓગષ્ટ–૨૦૨૩, રૂા. ૫.૦૦/–






ભારત દેશના ૪ પવિત્ર સરોવરમાનું એક કચ્છમાં નારાયણ સરોવર છે. અતિ પવિત્ર આ ક્ષેત્રમાં ભુજ મંદિર દ્વારા રૂા. ૨૫ કરોડના ખર્ચે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસ વિધિ કરવામાં આવ્યો હતો. તા. ૨૫/૮/૨૦૨૩ના રોજ પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા દાતાઓ યજમાનશ્રીઓ કચ્છના સાં.યો. બહેનો તેમજ કચ્છના હરિભક્તોના સાનિધ્યે આ આયોજન યોજાયું હતું.





અધિકમાસ ઉદ્યાપન અવસરે હમીરસરોવરમાં સમૂહ સ્નાન, ભુજ

આ વર્ષે શ્રાવણ માસ અધિક હોવાથી ૨ મહિના સુધી ભુજ, પ્રસાદી મંદિર, માંડવી તથા અંજાર મંદિરમાં વિશેષ હિંડોળા કરવામાં આવ્યા હતા, અને વિવિધ દ્રવ્યો, ફળ-ફૂલથી શણગારી હિંડોળે શ્રીહરિને ઝુલાવવામાં આવ્યા હતા.



# સ.ગુ. સ્વામી નિષ્કામચરણદાસજીનો અક્ષરવાસ

ભુજ મંદિરના વરિષ્ઠ સંત સ.ગુ. સ્વામી નિષ્કામચરણદાસજી તા. ૩૧/૭/૨૦૨૩ સંવત ૨૦૭૯ અધિક શ્રાવણ સુદ-૧૪ના રોજ બપોરે ૩-૧૫ કલાકે ૮૨ વર્ષની ઉંમરે શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરધામમાં સિધાવ્યા છે. તેઓની ગુણાનુવાદ સભા તા. ૨/૮/૨૦૨૩ના રોજ ભુજ મંદિરના સભામંડપમાં રાખવામાં આવી હતી.













॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૩ અંક-૭ ઓગષ્ટ-૨૦૨૩
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૫૩

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith



ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| સંસ્થા સમાચાર | ૮ |
| સત્સંગ સમાચાર-દેશ | ૧૫ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૯ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

# તંત્રીની કલમે

હિન્દુ હોવાનું આપણને ગર્વ હોવું જોઇએ અને ઇસ્લામ તથા ખ્રિસ્તી ધર્મનો ઉદ્‌ભવ પણ નહોતો થયો ત્યારથી અતિ પ્રાચીન સમયથી સનાતન હિન્દુ ધર્મ અસ્તિત્વમાં છે. અને એ ધર્મ થકી જ આપણું અસ્તિત્વ છે એ વાતનું, હિન્દુત્વનું આપણને ગૌરવ હોવું જોઇએ. પ્રાચીન હિન્દુ સંસ્કૃતિએ આપણને જે પરંપરાગત બાબતો આપી છે તેમાં ધર્મ સાથે વિજ્ઞાનનો સમન્વય પણ છે. હિન્દુઓ માટે અતિ પવિત્ર એવા અધિકમાસની આપણે નિષ્ઠા અને ભક્તિભાવ સાથે ઉજવણી કરી અને શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી. હાલ હિન્દુઓનો ધાર્મિક દૃષ્ટિએ સર્વશ્રેષ્ઠ અને પાવનકારી શ્રાવણ માસ ચાલી રહ્યો છે. ઉત્સાહ અને આનંદથી ભરપૂર આ માસ ઉત્સવોથી ભરપૂર છે. જેની ઉજવણીમાં ધાર્મિક અને વૈજ્ઞાનિક બાબતો પણ સમાયેલી છે. ઉત્સાહ અને આનંદ ઉમંગભેર જીવન વ્યતીત કરવાની પ્રેરણા આપે છે. જે માનસિક સ્વાસ્થ્ય માટે ઉત્તમ બાબત છે. વાર, વ્રત, એકટાણાં અને ઉપવાસ આપણા શારીરિક સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ છે. આમ ધર્મ સાથે માનવહિતની વાત સનાતન હિન્દુ ધર્મમાં સમાઇ છે. આવા અત્યુત્તમ ધર્મની સમજ આજે હિન્દુઓ કેળવી નથી શક્યા તે અફસોસની વાત છે.

હિન્દુઓમાં હિન્દુત્વ જાગૃત કરવાની મુખ્ય જવાબદારી ધર્મગુરુઓ, સંતો, ગુરુઓ અને માતાપિતાની છે. આ માટે સૌ પ્રથમ તો ઘરમાં પરંપરાગત હિન્દુ સંસ્કારોનું જતન, સિંચન અને સંવર્ધન થવું જરૂરી છે. બીજું શિક્ષણમાં ધર્મનું સ્થાન અનિવાર્ય હોવું જોઇએ. બાળપણથી જ જો ધર્મના પાઠ ભણાવવામાં આવે તો આજે છે એવી પરિસ્થિતિ ન થાય. હિન્દુઓએ સ્વયં જાગૃત થઇ પોતાની આગવી ઓળખ ઊભી કરવી જોઇએ. જાળવી રાખવી જોઇએ. માથે શીખા, ડોકમાં કંઠી, ભાલે તિલક–ચાંદલો, ધોતી–કુર્તાનો પહેરવેશ અને રૂદ્રાક્ષની માળા દરેક હિન્દુએ ધારણ કરી વિશ્વને હિન્દુત્વની શક્તિથી વાકેફ કરવા જોઇએ.


હિન્દુઓમાં ધાર્મિક ક્રિયાઓ પ્રત્યે પોતાના ઇષ્ટદેવ પ્રત્યે જોઈએ તેટલી શ્રદ્ધા જણાતી નથી અને આ ક્રિયાઓ જાણે યંત્રવત્ થતી હોય તેવું ભાસે છે. ધર્મ વગરનું જીવન માનવોને ભટકાવી દે છે, તેથી શિક્ષણમાં ધર્મ અનિવાર્ય છે. તેથી પરિણામે બાળકોમાં સદાચાર, માનવતા, સંવેદનશીલતા, જેવા સદ્‌ગુણોનો સંચાર થતો નથી, ઘરમાં પણ બાળકોનાં સંસ્કારોનો અભાવ જોવા મળે છે. વડીલોની આમન્યા જાળવવી, સવારે ઊઠીને અને રાત્રે સૂતાં પહેલા ઘરના વડીલોના ચરણસ્પર્શ કરવાં, પોતાના વર્તનના કારણે ઘરની કોઈ પણ વ્યક્તિ દુભાય નહીં તેવી જાગૃતિ રાખવી, આવા બધા સંસ્કારો આપણે હિન્દુ સંસ્કૃતિમાં જોવા મળે છે જે આજે દેખાતા નથી.

આજે લોકોના ઘરમાં શાસ્રો અને ધાર્મિક ગ્રંથો જોવા મળતા નથી તો પછી તેના પઠન ચિંતન વિચાર–વિમર્શની તો વાત જ ક્યાં રહી. આવા બધા કારણોસર હિન્દુત્વ ક્ષીણ થતું જાય છે અને હિન્દુઓનું ગૌરવ નાશ પામતું જાય છે. પાઠશાળાઓ, ગુરુકુળો, ધર્મસ્થાનો, ધર્મગુરુઓ, સંતો વગેરેની જવાબદારી રહે છે કે આવી પરિસ્થિતિમાં સુધાર લાવે અને હિન્દુઓમાં હિન્દુત્વની જાગૃતિ કરે.

આપણા ભુજ મંદિર દ્વારા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ અને યુવતી મંડળ દ્વારા અવારનવાર સંસ્કાર શિબિરોનું આયોજન કરવામાં આવે છે, અને હિન્દુ પરંપરાઓ અને હિન્દુ સંસ્કૃતિને જીવંત રાખી આપણા સંપ્રદાયના યુવક–યુવતીઓમાં હિંદુત્વના સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે. આ પ્રેરક અને અનુકરણીય ઉમદા કાર્ય સંતો દ્વારા પુરી, જાગૃતિ, સમજદારી, આજના સમયની માંગ અને હિન્દુત્વની સંભાળ રાખવા માટે ખંતપૂર્વક ખૂબ જ મહેનત કરવામાં આવે છે જે ખરેખર આનંદની વાત છે.

સંસારમાં સર્વશ્રેષ્ઠ એવી સનાતન સંસ્કૃતિ એને તેની પરંપરાને જીવનમાં વણી લઇને સાચા હિન્દુત્વનો ગૌરવ વધારવાનો શુભ સંકલ્પ કરીએ.

જય શ્રી સ્વામિનારાયણ...!



શિક્ષાપત્રી શ્લોક - ૭૬

## વિશેષ નિયમો ધાર્યશ્ચાતુર્માસ્યેઽખિલૈરપિ ।
## એકસ્મિન શ્રાવણે માસિ સ ત્વશક્તૈસ્તુ માનવૈઃ ॥

હિંમતભાઈ ઠક્કર - ભુજ

મારા સર્વે આશ્રિતો હોય તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારણ કરવો. અને જે ચાર માસ પર્યંત વિશેષ નિયમ ધારણ કરવામાં અસમર્થ હોય તેમણે એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારણ કરવો.

''સૂર્ય ચંદ્રનું ઊગવું આથમવું તો ઈશ્વરીય પ્રાકૃતિક નિયમાધીન છે;
બુદ્ધિજીવીને નિયમ બિયમ તો માર્યા ફાર્યા, મનો મજાનીધીન છે.''

શ્રીભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, ચાતુર્માસ એટલે અષાઢ મહિનાના શુકલ પક્ષની નિયમની એકાદશીથી આરંભીને કાર્તિક મહિનાના શુકલ પક્ષની પ્રબોધિની એકાદશી પર્યંત જે ચાર માસ તેને ચાતુર્માસ કહેવા છે. આ ચાતુર્માસના જે ચાર મહિના સત્વગુણી છે, અને ઉનાળાના ચાર મહિના તમોગુણી છે તથા શિયાળાના ચાર મહિના રજોગુણી છે. અને ચાતુર્માસના ચાર મહિના દેવતાઓ પણ તપ કરે છે. આપણા ઈષ્ટદેવ નીલકંઠવર્ણીએ પણ પુલ્હાશ્રમમાં જઈને ચાતુર્માસના ચાર મહિના સુધી તપ કરેલું હતું. માટે આ ચાતુર્માસ સત્વગુણી અને તપોમય છે.

પરમાત્માએ ઉત્પન્ન કરેલું આ અદ્‌ભૂત બ્રહ્માંડ તેમની ઈચ્છા પ્રમાણે જડબેસલાકપણે નિયમબદ્ધ છે, જેમાં તેમની ઈચ્છા વિરુદ્ધ કોઈ પરિવર્તન થઈ શકતું નથી. ત્રિકાળ સંધ્યાઓ, ઉપગ્રહો, નિહારીકાઓની ગતિશીલતા અદ્‌ભૂતપણે નિયમબદ્ધ છે. હર ક્ષણે બદલતી પ્રત્યેક સમયની ક્ષણમાં એક વિશેષ શક્તિ રહેલીછે, તેથી ચાતુર્માસના ચાર મહિનાનો સત્ત્વગુણ અને તપોમયતાને આગવું મહત્ત્વ છે.

''ચાતુર્માસની સમય ત્રિપુટી, સત્ત્વ, રજ, તમથી સમૃદ્ધ છે; અનંત ફૂલોનું મર્કટિયું મન, સત્સંગીને તર્કટિયું કરે;
શું શ્રીહરિનો સાત્ત્વિક શિષ્ય, માયાથી ભરમાઇ મોંઘો ભવ ફળશે ?''

સત્વગુણી ભક્તજન સદાય ઈશ્વરિય માયાવી શક્તિઓથી પુરેપુરો સમજણપૂર્વક દૂર રહી સ્વયંનું 'અપડેટીંગ' ઊર્ધ્વગમન માટે સજ્જ કરતો રહે છે. એટલું જ નહીં પરંતુ તેમની આસપાસ ચોમેર સત્વગુણની સાત્ત્વિકતાનું સ્ફૂરણ પણ કરતો રહે છે, વાણી અને વિચારોની વિવેકસભર લહાણી પણ કરતો રહે છે. કથાવાર્તા શ્રવણ કરી મનન-ચિંતનની વ્યથાઓને દૂર કરી તેના સંપર્કમાં અને સંસર્ગમાં આવનારાઓને સદાય સત્વગુણ સંપન્ન જીવન વ્યવહારોથી આકર્ષતો જ રહે છે. તથા શ્રીહરિના દિવ્ય માનવોપયોગી સંદેશનો પ્રચાર પ્રસાર કરતો જ રહે છે. તેણે તેનામાં સદ્‌ગુરુ દ્વારા વવાયેલા ઉત્તમ સંસ્કારી બિયારણો ભવિષ્યમાં અનેક ભક્તજનોનું એક વિરાટ વટવૃક્ષ ઊભું કરી પોતાના આ જન્મને મોક્ષનો દાવેદાર બનાવતો રહે છે.

રજોગુણી વ્યક્તિઓ બાહ્ય દેખાવમાં ભક્તજનો જેવાજ લાગતા હોય છે, અને ક્યારેક તો તેઓ વધુ આકર્ષક, પ્રભાવશાળી અને ચતુરાઇ ભર્યા બોલકા પણ લાગતા હોય ખરા... અને સાથે સાથે માયાની રંગારંગ શક્તિઓથી લપેટાઇ તેમના પ્રત્યેક ભજન-કીર્તનની સાંભળનારાઓ દ્વારા વાહ.. વાહ... થાય, વખતો વખત તાળીઓ પડે તેવી પરિસ્થિતિની જાળમાં આળોટવાની વૃત્તિવાળા અને જો દાન-ધર્મ કરે ને બદલામાં પોતાના નામ-ધામનો ડંકો વગાળવાની અપેક્ષા ખુલંખુલ્લા ચતુરાઈપૂર્વક પ્રસારના પણ દેખાય છે.... અરે પ્રભુ દર્શન અને નિદર્શનમાં પણ બે હાથ જોડી, આંખો મીંચી, 'હે પ્રભુ ! તમે મને આ-આવું...આટલું બધું આપો કે હું બીજા બધામાંથી પણ સુખ, સમૃદ્ધિ અને વૈભવમાં મોખરે રહું.' માંગવાનું જરાય ભૂલતા નથી, કેમકે તેમનામાં રહ્યો છે રજોગુણ ખૂબ પ્રભાવી અને ઝળહળતો હોય છે.વાસ્તવમાં તેઓ સાવ સ્વાર્થી અને સ્વયંકેન્દ્રી હોય છે.

અને તમોગુણી ભક્ત વ્યક્તિ બ્રહ્માંડભરમાં પ્રવિણ, પ્રખર અને પ્રતાપી લાગશે જ. પરંતુ તેથી વ્યક્તિ તેની આસપાસમાં માંગો, જરૂરતો, બીજાનું પણ મેળવી લેવાની લોભવૃત્તિ, અને યેનકેન પ્રકારેણ તારો મારો સૈયારો... મારું મારું પોતાનું ને તારું યે મારું પોતાનું કરવા સામાજિક, ધાર્મિક, નૈતિક તમામ સંબંધોને તોડી, મરોડીને 'પેટ ગધાયા' ની જેમ એટલેકે માત્ર પોતાના સ્વાર્થ માટે જ જીવતા હોય છે. તેમના તમામ સંબંધો સમાજ અને ભક્તને પણ પોતાના નિજી સ્વાર્થ માટે વટાવી ખાવાનું ક્યારેય ચૂકતા નથી.

માટે જ શતાનંદ સ્વામી સમજણ આપે છે કે, ખરેખર ભક્તજનો હોય તેમણે નિયમ તો હમેશાં ધારણ કરવો જ. પણ પ્રત્યેક ભકતે પોતાની ભાવનાઓ, વર્તન, વ્યવહાર અને નિષ્ઠાને અપડેટ 'UPDATE' એટલે કે કુવિચારો, કુસંસ્કારો, દુર્વતનની સફાઇ-સુફાઇ, ઝાડીઝૂડી, ફરી પાછા બધાયને સ્વસ્થ, સુસજ્જ અને શક્તિશાળી બનાવી ભક્તિને મજબૂત અને દૃઢ કરવી અને પહોંચ્યા હોય ત્યાંથી પણ વધુ ઝડપથી વધુ આગળ જવા પોતાને સ્વયંને તૈયાર કરવો. ક્યારે તૈયાર કરવો તેના માટે સાત્ત્વિક સમયગાળો ચાતુર્માસ કે ઓછામાં ઓછો એક માસ વિશેષ નિયમબદ્ધ થવું જ.

વળી આ શ્લોક દ્વારા જ શ્રીહરિએ આવા જડબેસલાક નિયમને પણ હળવોફૂલ સૌને મનગમતો વ્યક્તિ પણે સ્વીકારી શકાય તે માટે વ્યવહારિક ત્રાજવે તોલી-જોખીને ભક્તજન માટે નમતું જ જોખ્યું.. હવે કહો, આ સંપ્રદાય પાળવો ક્યાં કઠણ, જળ ને જડબેસાલક છે ? માત્ર સમજ્યા કર્યા વગર સ્વાનુભવ કર્યા વગર જ હિન્દી કહેવત કહને વાલા દીવાના ઔર સુનને વાલા ભી દીવાના.. બસ માત્રને માત્ર વિતંડાવાદ

જ કરનારને તો માત્ર પોતે જ લાભ ગુમાવે છે. અને સંપ્રદાયને શ્રદ્ધા, વિશ્વાસ અને નિખાલસતાથી પાળવાવાળો તો મોક્ષગતિ પ્રત્યે આગળને આગળ જ વધતા રહે છે.

આ શ્લોક માંના 'અસમર્થ' શબ્દને પણ પ્રત્યેક સત્સંગીએ સર્વસ્વીકૃતાર્થમાં જ સમજવાનો છે. સામાન્ય રીતે માનવ મન આવા વિકલ્પો જોઇ સાભળીને 'નિયમ' પાળવા ઉતાવળા થિ જાય ખરા... પરંતુ માનવ મનનું મર્કટપણું. તર્કવિતર્કવાળી ઢીલાસ એ નિયમમાંથી છટકી જવા માટેની છટકબારી નથી રાખી.

"નિયમની સાત્ત્વિકતા, પરમોસ્મતા, એકાંતિક
ભક્તની ઉત્કર્ષ માટે છે.
સૌએ અદમ્ય નિષ્ઠા, વિશ્વાસ પૂર્વક, શાસ્ત્રધારે જ
મોક્ષ હાંસલ કરવાનો છે."

હવે જો વ્યક્તિ સ્વાતંત્ર્યની ધૂનમાં સત્સંગી ચાતુર્માસની અંદર કોઇપણ વિશેષ નિયમ અથવા તો વ્રતધારણ કરતો નથી અને ચાતુર્માસને વ્યર્થ જવા દે છે તો એ પુરુષને આખાય વર્ષમાં થયેલું 'પાપ' લાગે છે. માટે ચાતુર્માસમાં ચારે માસ અથવા તો એક માસ અવશ્ય વિશેષ નિયમ ધારણ કરવો, આવો શ્રીજીમહારાજનો અભિપ્રાય છે, અને શતાનંદ સ્વામી તે જ અભિપ્રાયની વ્યક્તિ સમજણ આપી રહ્યા છે.

આ તો આપણે ધાર્મિક અને સાંપ્રદાયિક નિયમની 'પાપ' 'પુન્ય' ઈત્યાદિ તર્ક દ્વારા વિચારણા કરી. પરંતુ આજ સૈદ્ધાંતિક નિયમને આપણે 'ફિઝિઓલોજી અને હાઈજીન' એ
એટલે કે શારિરીક શાસ્ત્ર અને ખાણી-પીણીની દૃષ્ટિએ પણ જો વિચારીએ તો ખાવાપીવાના નિયમોમાં ડુંગળી, લસણ, વગાયેંણી, તિખા તમતમતાં મસાલા, વધુ પડતું મીઠું, મરચું, ઓછું ખાઈએ કે નિયમથી બાંધી ન જ ખાઈએ તો શું ફાયદાઓ ન થાય ? વૈચારિક રીતે સાત્ત્વિક વિચારો સદ્‌ભાવ, કીર્તન-ભજન ઇત્યાદિ કરી કે સાંભળીએ તો મન કેટલું શાંત બને ?

આપણાં જ ભારત દેશમાં સદીઓ પહેલાં જે સામાન્ય માણસ સાદગીસભર જીવન જીવતા હતા તેઓ પૂર્ણ આયુષ્ય ભોગવતા હતા. શાકાહારી ભોજન દ્વારા ઉત્તમ તંદુરસ્તી મેળવતા જે આજે માંસાહારી અને સેંકડો વેરાયટીવાળા ભોજનની ઘેલછાએ જ ભારતીયને અનેકાનેક ગંભીર રોગગ્રસ્ત કર્યો છે. આજે અજબ ગજબના રોગો એક નાનકડું બાળક પણ જાણતો થયો છે.

"નિયમો તોડ્યાં તો તું રખડી પડ્યો, ધન્ય છે તને એ
આધુનિક માનવ.
શાસ્ત્રોને આવકાર, શિક્ષાપત્રી સ્વીકાર,
શ્રીહરિનું એટલે જ તો અવતરણ થયું."

માટે જ આ ૭૬ માં શિક્ષાપત્રીના શ્લોક દ્વારા શ્રીહરિ મુંઝવણબદ્ધ, દિશાશૂન્ય, અટકભટકમાં અટવાયેલા પ્રત્યેક માનવને તમ-રજ-સત્યની સ્થિતિસ્થાપકતાની મનોવૈજ્ઞાનિક વ્યવહારોપયોગી તરલતા સમજાવને દિવ્ય ઉદ્‌બોધન કરી ગયા છે કે, મનને ક્યારેય મારી શકાતું નથી કેમકે 'મન' જીવતા માનવીનો 'સત્યસભર મનોવ્યવહાર' છે અને તેને ઈશ્વરે 'અમૃત શક્તિ' આપી સજ્જ કરેલ છે. અને તે પણ એટલા માટે કે માનવ તેને પ્રયત્નથી પણ મારી ન શકે. લ્યો તો કાંઈ વાંધો નહીં પરંતુ આ જ મનને વાળવા અને ભક્તજનને સમજણ આપવા જ પરમાત્માએ ફરી એકવાર અવતાર ધરીને આજના બુદ્ધિજીવી ને શુદ્ધિજીવી બનાવવા સ્વયં પોતે પોતાની વાણીમાં આ શ્લોક લખાવ્યો છે.

"ભલે ના ચાર, મને આપો એક માસ, તો માયા કદી
ના દેશે તમને ત્રાસ.
વિતંડાવાદમાં જો અહીં તહીં ભચકાયા, તો મોક્ષ
પરીક્ષા માં પણ નાપાસ."

# સંસ્થા સમાચાર

## હમીરસરોવર સમૂહસ્નાન

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા હાલે



અધિકમાસની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી રહી છે. મંદિર દ્વારા વર્ષભરમાં આવતા તહેવારોની પ્રત્યેક દિવસને અનુરૂપ પ્રસંગોની ઉજવણી કરવામાં આવી રહી છે.

તા.૧૨-૮-૨૩, અધિક શ્રાવણ વદ-૧૧, કમલા એકાદશી શનિવારના શુભ દિવસે ભુજધામના પ્રસાદીભૂત હમીરસરોવરના પૂર્વ કિનારે ભક્તિ માહોલ ઊભો થયો હતો. સૌ પ્રથમ હમીરસરોવનો મહિમા અને તેમાં સ્નાન કરવાનું ફળ સંતોએ પધારેલ ભક્તજનોને સંભળાવ્યો. ત્યારપછી શાસ્ત્રોક્તવિધિથી શ્રીઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો, અને પછી સંતો, યજમાન પરિવાર શ્રીઠાકોરજીને સરોવરમાં નૌકાવિહાર કરાવ્યો. ભગવાન શ્રીસ્વામિનારાયણ જ્યારે






જ્યારે ભુજનગરમાં પધારતા ત્યારે હમીરસરોવરમાં સ્નાનવિધિ માટે સંતો-હરિભક્તો સાથે પધારતા એવા ગંગાજી તુલ્ય મહાપ્રસાદીભૂત હમીરસરોવરમાં ભુજ મંદિર દ્વારા સમૂહસ્નાન મહોત્સવનું આયોજન ગામ સુખપરના હાલે લંડન નિવાસી ધનજીભાઈ વેલજી ભુડિયાના યજમાનપદે કરવામાં આવ્યું.

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ નાના-મોટા સર્વે સંતોએ શ્રીઠાકોરજીને પંચામૃત અભિષેક કરાવી સમૂહસ્નાન કર્યું ત્યારપછી આ પ્રસંગે સમગ્ર કચ્છ પ્રદેશમાંથી આવેલા સાંખ્યયોગી બહેનો તથા ૨૦૦૦ થી વધારે હરિભક્તો મહોત્સવમાં સમૂહસ્નાનનો લાભ લીધો. આ ઉત્સવના યજમાનને મહંત સ્વામીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.



## અધિકમાસમાં વિશેષ ઉજવણી

અધિકમાસને અનુલક્ષીને ભુજ મંદિરમાં દરરોજ નવા નવા વરસમાં આવતા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવાઇ રહ્યા છે. સાથે સભામંડપમાં દરરોજ ૧ મહિના સુધી ૧ કલાકની ધૂનમાં પધારેલ દરેક ભક્તજનોને પ્રસાદ આપવામાં આવતો તેમાં ભાગ્યશાળી યજમાનો પણ પોતાની યથાશક્તિ તન-મન અને ધનથી સેવા આપી લાભ લીધો હતો.

સનાતન ધર્મ અને પુરાણોમાં અધિકમાસ (પુરુષોત્તમ)માસનો મહિમા ખૂબ ગવાયો છે. તેમાં પણ શ્રાવણમાસ અધિકમાસ આવે તે હરિ(વિષ્ણુ) અને હર (શિવ)નું એકાત્મપણું જે એક સાથે મહિમા અનોખો છે. આવો યોગ આ સમયે ૧૯ વર્ષે પ્રાપ્ત થયેલ છે. અધિકમાસમાં દાન-પુણ્યનો ખૂબ મોટો મહિમા કહેલો છે. દરેક ધાર્મિક કાર્યો સમર્પણભાવે ભક્તિ સાથે ભગવાનને રાજી કરવા માટે કરવા જોઇએ. તે અનુસંધાને દરકે દેવાલયોમાં ધાર્મિક આયોજન થતાં હોય છે.

આપણા ભુજ મંદિરમાં એક મહિના સુધી દરરોજ ૧ કલાક ‘સ્વામિનારાયણ’ મહામંત્રની ધૂનનું આયોજન કરવામાં આવેલ જે અંતર્ગત શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક અ.શ્રાવણ વદ-૧૨, રવિવાર તા. ૧૩-૮-૨૩ના શુભ દિવસો સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી, પુરાણી સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ નાના-મોટા સંતોની નિશ્રામાં પ.ભ.નિલેશભાઇ પટેલ, રૂપેશભાઇ ઠક્કર,



નારાણભાઇ રાબડીયા, જયેશભાઇ સોની, કનુભાઇ પ્રજાપતિના યજમાનપદે આ અભિષેક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બહોળી સંખ્યામાં હરિભક્તોએ ધૂન અને અભિષેકનો લાભ લીધો હતો. ત્યારબાદ દરેક પધારેલ ભક્તજનોને પ્રસાદ આપવામાં આવ્યો હતો.

## અધિકમાસમાં ભુજ મંદિરે સ્તોત્ર પંચકમ્‌નું અનુષ્ઠાન

શ્રીનરનારાયણ ભગવાનના સાંનિધ્યમાં સ્તોત્ર પંચકમ્ અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવેલ છે. તેમાં





પવિત્ર ૧૧ ભૂદેવો દ્વારા જનમંગલ સ્તોત્ર, સર્વમંગલ સ્તોત્ર, વિષ્ણુસહસ્રનામ સ્તોત્ર, નારાયણ કવચ અને હરિકવચનું અનુષ્ઠાન થઇ રહ્યું છે. તે અંતર્ગત કમલા એકાદશીથી અમાસ તા.૧૨ ઓગષ્ટ થી ૧૬ ઓગષ્ટ સુધી પંચદિનાત્મક હોમાત્મક હરિયાગમાં અગ્નિરૂપ નારાયણ ભગવાનને પવિત્ર ભૂદેવો દ્વારા આહુતિ આપી અનુષ્ઠાનનું સમાપન કરવામાં આવ્યું હતું.

ડો.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

# ભુજના સંતોનું કેનેડા સત્સંગ વિચરણ

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી તેમજ તમામ વડીલ સંતોના આશીર્વાદ લઈ કચ્છના સત્સંગીઓ વ્યવસાય માટે આફ્રિકામાં સ્થાયી થયા. તેમના દીકરા-દીકરીઓ ઉચ્ચ અભ્યાસ માટે ઓસ્ટ્રેલિયા તથા કેનેડામાં પ્રયાણ કર્યું. નૈરોબીમાં શ્રીનરનારાયણદેવના રંગે રંગાયેલા સત્સંગીઓની ઈચ્છા હતી કે કેન્યામાં સંતો પધારે છે તેમ કેનેડામાં પણ સંતો પધારે દર વર્ષે અમને સત્સંગનો લાભ આપે એવી પૂજ્ય મહંત સ્વામીને કેનેડાના હરિભક્તોએ પ્રાર્થના કરી હતી કે સંતોને કેનેડા મોકલો અને આપ પણ પધારો. પણ મહંત સ્વામીએ હરિભક્તોની ભાવના સ્વીકારી ઉપમહંત સ્વામી સહિત ચાર સંતોને કેનેડા મોકલાવ્યા. તા.૨૦-૭-૨૩ના રોજ ભુજથી કેનેડા ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સ્વામી ઘનશ્યામપ્રસાદ દાસજી, સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી, સ્વામી રાઘવમુનિદાસજી આ ચાર સંતો પધાર્યા છે. તા.૨૧-૭-૨૩ અને તા.૨૦-૭-૨૩ ના રોજ યુ.કે.માં ઉત્સવ ઉજવી








અને ત્યાંથી તા.૨૩-૭-૨૩ના સાંજે કેનેડા પહોંચી તમામ સત્સંગીઓને દર્શનનો લાભ મળ્યો અને હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી. તા.૨૩-૭-૨૩ થી તા.૪-૯-૨૩ સુધી કેનેડા પ્રવાસ દરમિયાન તેઓ ટોરન્ટો, ઓટાવા, લંડન, કેમ્બરિજ, કિચેનર, બ્રેમ્ટન, ગલ્ફ, વિનિપેગ, કેલગરિ, એડમન્ટ, સાસ્કાટુન, વેનકુવર આદિ નાના મોટા શહેરોમાં વિચરણ સત્સંગ-કથાવાર્તા દ્વારા હરિભક્તોને રાજી કર્યા હતા. દરેક શહેરમાં રહેતા હરિભક્તોને ઘેર પધરામણી કરી હતી. મહાપૂજા, રાસોત્સવ, પ્રશ્નોત્તરી, ગ્રુપ ચર્ચાઓ, શિબિરમાં જ્ઞાન સાથે અનેક રમત ગમત આદિ વિવિધ પ્રવૃત્તિઓ કરી હતી. તા.૪-૯-૨૩ના રોજ બોલ્ટન યુ.કે.માં ઉત્સવ કરી પરત ભારત પધારશે.

અમે ખૂબ રાજી થયા કે ઘણા વર્ષોથી અમારી ઉચ્છા હતી એ પૂજ્ય મહંત સ્વામીએ પૂરી કરી. અમને સત્સંગમાં બળ આપ્યું. આવા દેશમાં રહી સત્સંગ રાખવો અઘરો છે પણ સંતોના આશીર્વાદથી અહીં બધા હરિભક્તો ભણતર સાથે નાનો મોટો વ્યવસાય કરતા થયા છે અને સત્સંગ પણ કરે છે. કચ્છ સત્સંગના સંસ્કારો જળવાઈ રહે એવી ભુજનાગર નિવાસી શ્રીનરનારાયણદેવની કૃપા અને પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદ અમનો આવી રીતે મળતા રહે.

પ.ભ.લાલજીભાઈ ધનજી ભુડિયા, જતીનભાઈ હાલાઈ, કેતન વાલજી રાબડીયા આદિ હરિભક્તો સંતોની તમામ વ્યવસ્થા સંભાળી હતી. ટોરોન્ટો શહેરમાં લગભગ ૧૦૦ બરિભક્તો બાઈઓ-ભાઈઓ છે. વિનિપેગ શહેરમાં લગભગ ૭૦ હરિભક્તો બાઈઓ-ભાઈઓ છે.



અન્ય શહેરોમાં પણ છૂટાછવાયા હરિભક્તો રહે છે. જેમ આફ્રિકા, યુ.કે., ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, શિશલ્સ, યુગાન્ડા, તાન્ઝાનિયા, સેનેગલ વગેરે રાષ્ટ્રોમાં ભુજ શ્રીનરનારાયણદેવ તાબાનાં મંદિરો છે એજ રીતે અહીં કેનેડામાં પણ મંદિર થાય એવી અમારી પૂજ્ય મહંત સ્વામી પાસે પ્રાર્થના છે.

અ. કેતન વાલજી રાબડીયા

## ભુજ બહેનોના મંદિરમાં અધિકમાસ ઉજવણી

સમગ્ર પુરુષોત્તમમાસ દરમિયાન તા.૧૮-૭-૨૦૨૩ થી તા.૧૬-૮-૨૦૨૩ સુધી સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈની આજ્ઞાથી ભુજ શ્રીસ્વામિનારાયણ બહેનાના મંદિરમાં ભવ્ય ભક્તિ સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં નીચે મુજબ દરરોજ સાંજે પથી ૭ વાગ્યા દરમિયાન સ્વામિનારાયણ મહામંત્રની ધૂનથી કાર્યક્રમની શરૂઆત થતી જેમાં સંગીતના સથવારે સર્વે સત્સંગી બહેનો શ્રીજીમહારાજના સ્વરૂપમાં તલ્લીન થતા હતા. ત્યારબાદ બાળ લાલજી મહારાજને પંચામૃતથી અભિષેક સાંખ્યયોગી બહેનો દ્વારા કરવામાં આવતો હતો. જેનો ભક્તો સુંદર લ્હાવો લેતા હતા.

જનમંગલ નામાવલીના સ્પષ્ટ ઉચ્ચાર સાથે તુલસીપત્ર દ્વારા પ્રભુનું પૂજન કરવામાં આવતું હતું. પૂજ્યા બહેનોના મંદિરના મહંત સામબાઈ ફઈના શ્રીમુખેથી અધિકમાસની કથાનું રસપાન કરી શ્રોતાજનો મંત્રમુગ્ધ બન્યા હતા. દરરોજ સત્સંગી બહેનો ઉપર પવિત્ર જળનો છંટકાવ પૂજ્યા સાંખ્યયોગી બહેનો દ્વારા કરવામાં આવ્યો હતો. દિવ્ય રાસોત્સવનું આયોજન પણ ખૂબ સુંદરરીતે કરવામાં આવ્યું હતું. બાળકોને દરરોજ









અવનવી ભેટ ભાવિક ભક્તો આપતા હતા. અને અંતમાં પંચામૃત તેમજ મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવતું. ત્યારબાદ સર્વે ભક્તજનોએ આનંદની પળોને પોતાના હૃદયમાં રાખી ઘર તરફ પ્રયાણ કરતા.

અ. - વિદ્યાર્થી સાંખ્યયોગી બહેનો ભુજ

## તીર્થ સ્થાન શ્રીનારાયણ સરોવર મધ્યે નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિર શિલાન્યાસ

પ્રાચીન તીર્થસ્થાન નારાયણ સરોવર ખાતે શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા ૧૨ એકરની વિશાળ જગ્યામાં ૨૫ કરોડના ખર્ચે શ્રીસ્વામિનારાયણ મંદિર બંધાશે તેમનોશિલાન્યાસ વિધિ આજરોજ સંવત્ ૨૦૭૯ શ્રાવણ સુદ-૯, શુક્રવાર તા.૨૫-૮-૨૦૨૩ના ખાતમુહૂર્ત-શિલાન્યાસવિધિ ઉજવાયો હતો.

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં પુરાણી સ્વામી

પરમહંસદાજીએ કથામાં જણાવ્યું હતું કે તીર્થસ્થાનમાં દાન-જપ-તપ વગેરે સત્કર્મ કરે એને અનેકગણા ફળની પ્રાપ્તિ થાય છે. આ અતિ પ્રાચીન તીર્થસ્થાન છે. અહીં દક્ષ પ્રજાપતિના અગિયાર હજાર પુત્રોએ તપ કરી, સંત દીક્ષા લઇ શ્રીહરિને પ્રસન્ન કર્યા છે. આવી આ અતિ પવિત્ર ભૂમિમાં અનેક સંત-મહાત્માઓ તપશ્ચર્યા કરી છે. એવી ભૂમિમાં આપણું ભુજ મંદિર હરિભક્તોને તથા તીર્થ કરવા આવનાર ધર્મપ્રેમી ભક્તોને આશ્રયસ્થાનરૂપ મંદિર અને વિશ્રાંતિ ભવનનું નિર્માણ કરી રહ્યું છે.

આ પુણ્યભૂમિમાં નૂતન મંદિર માટે નારાયણપરના પ.ભ. શ્રીરામજીભાઇ દેવજી વેકરીયાએ જમીન દાનરૂપે આપી અને અહીં બંધાનાર મંદિરના શિલાન્યાસ તથા શ્રીઠાકોરજીની પ્રતિમાઓના દાતાશ્રીઓ આ મુજબ છે. શ્રીઠાકોરજીના સ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિના યજમાન પ.ભ. શ્રીકાંતિભાઇ મુરજી મેપાણી સુખપાર, શ્રીનરનારાયણદેવના મૂર્તિના યજમાન પ.ભ. શ્રી મુરજીભાઇ કરસન શીયાણી વેકરા-ભુજ, શ્રીરાધાકૃષ્ણદેવના મૂર્તિના યજમાન પ.ભ. શ્રીકાન્તીભાઇ નારાણ કેરાઇ બળદિયા-નૈરોબી, સિંહાસનના યજમાન પ.ભ. શ્રીરામજીભાઇ ગોપાલ દબાસીયા માનકુવા, પ્રવેશદ્વારના યજમાન પ.ભ. શ્રીગોપાલભાઇ લાલજી વેકરીયા, શ્રીહરીશભાઇ ગોપાલ વેકરીયા ઓસ્ટ્રેલિયા, રૂમના દાતા પ.ભ. શ્રીધનજીભાઇ વેલજી ભુડિયા વગેરે દાતાશ્રીઓનું મહંત સ્વામીના હસ્તે સન્માન કરવામાં આવ્યું. તથા મહોત્સવમાં પધારેલ બી.એસ.એફ.ના ડેપ્યુટી કમાન્ડર





વિનોદકુમાર, ઇન્સપેક્ટર નવનીત કુમાર તથા આમંત્રિત મહેમાનો અને રાજકીય-સામાજિક મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ભુજ, અંજાર, માંડવી તેમજ ભુજ મંદિર સંચાલિત ગુરુકુળથી નાના મોટા સંતો પધાર્યા હતા. સદ્‌ગુરુ મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી, શા.સ્વામી અક્ષરપ્રકાશ દાસજી, શા. સ્વામી દેવચરણદાસજી, શા.સ્વામી સુખદેવસ્વરૂપદાસજી સભા સંબોધન કરી સર્વેને રૂડા



આશીર્વાદ પાઠવ્યા હતા. ભુજ મંદિર દ્વારા દર મહિને પ્રસિદ્ધ થતું 'શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ'ના મહોત્સવ વિશેષ અંકનું મહંત સ્વામી આદી વડીલ સંતોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું. સભા સંચાલન અને આભારવિધિ પૂ.સ્વામી કૃષ્ણવિહારી દાસજીએ કર્યા હતા.

આ વિશ્રાંતિ ભુવનમાં યાત્રાળુઓ માટે બે મોટા હોલ, ૭૦ રૂમ અને અદ્યતન ડાઇનીંગ હોલ સાથેની સુવિધા પ્રાપ્ત થશે. કાર્યક્રમને સંપન્ન કરવા ભુજ મંદિરના






કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપ દાસજીએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

## ગાય આધારિત ખેતી અભિયાન કચ્છ

અભિયાનના સંચાલક પૂ. સંતો અને મુખ્ય સમિતિના કાર્યકર્તાઓ દ્વારા અભિયાનને વેગ આપવા વિશાળ કચ્છના આઠેય પ્રદેશોના વિસ્તૃત પ્રવાસનું આયોજન થયેલ છે. આ આયોજનના ભાગરૂપે પ્રારંભે તા.૨૧-૮-૨૩ સોમવાર 'કલ્યાણી પ્રદેશ' માંડવી વિસ્તારનો પ્રવાસ થયો અને અભિયાન સાથે જોડાયેલ ૧૭ ખેડૂતોની વાડીએ વાડીએ જઈને સંતો અને કાર્યકર્તાઓ ખેડૂતોને પ્રત્યક્ષ મળ્યા અને દરેક પ્રકારની જાત માહિતી મેળવીને અત્યારસુધી આ વિષયે મળેલ સફળતા તેમાં પડતી મુશ્કેલીઓ અને તેના ઉપાયો વિષે ઝીણવટથી ચર્ચા કરી હતી.

દિવસના અંતે દરેક ખેડૂતોને એક જગ્યાએ એકત્ર કરીને અભિયાનના મુખ્ય સંચાલક શા.સ્વામી દેવચરણદાસજી અને ગૌસેવક મેઘજીભાઈ હિરાણીએ મુક્તમને થયેલ પ્રશ્નોતરીમાં દરેક સમસ્યાના નિવારણ માટે સુંદર માર્ગદર્શન આપ્યું અને અભિયાનને





સફળતાપૂર્વક આગળ વધારવા પ્રોત્સાહિત કર્યા હતા.

કોઈને કોઈ કારણસર આ વિસ્તારની દરેક વાડીઓમાં વિદેશી જર્શી જનાવરોની સંખ્યા ખૂબ વધી ગઈ છે. પણ આનંદની વાત એ રહી કે ગત દોઢ વર્ષમાં શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના ગાય આધારિત ખેતી અભિયાનમાં જોડાયા પછી દરેક ખેડૂતોએ ગાય આધારિત ખેતી કરવા એક થી બે દેશી ગાય વસાવી લીધી છે. અને અભિયાનમાં જોડાયેલ દરેક ખેડૂત પણ યુવાન વયના છે અને ઝેરી રાસાયણિક ખાતર અને દવાઓના બેફામ વપરાશના કુચક્રમાંથી મુક્ત થવા માટે કાંઈક કરી છુટવા માંગે છે.

સવારથી સાંજ સુધીના આ પ્રવાસમાં મુખ્ય કમિટીના સ્વામી શ્યામચરણદાસજી, પ્રયોગશીલ ખેડૂત દિનેશભાઈ વાલાણી, કાર્યકર્તા જયદીપભાઈ રાઘવાણી પણ સાથે રહેલ અને સ્થાનિક પ્રાદેશિક સમિતીએ ખૂબ સક્રિય ભૂમિકામાં રહીને આયોજનને સફળ બનાવેલ. થયેલ ગોઠવણ પ્રમાણે આવનાર દિવસોમાં પ્રાદેશિક સમિતીના સહયોગથી ક્રમશઃ આઠેય પ્રદેશોમાં આ પ્રવાસ પૂર્ણ કરવામાં આવશે.

અ.રામજી વેલાણી

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| | |
|---|---|
| ૨૦૧ | અ.નિ.જયેશ લાલજી વરસાણીની સ્મૃતિમાં અધિકમાસ નિમિત્તે – માધાપર |
| ૨૫૧ | રામજી વાલજી જેશાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે – બળદિયા |
| ૨૫૦ | નરેન્દ્ર અરજણ ભુડિયા નવા ઘરે વાસ્તુ – સત્યનારાયણની કથા નિમિત્તે માધાપર – લંડન |
| ૨૦૦ | ગોવિંદ કરસન વરસાણી ધ.પ.સવિતાબેન અધિકમાસ નિમિત્તે – માધાપર |
| ૨૦૦ | રિદ્ધિબેન નાનજી વાગજીઆણી જન્મ દિવસ નિમિત્તે હસ્તે શાંતાબેન – માધાપર |
| ૩૦૦૦ | માંડવીના સમસ્ત સત્સંગી હરિભક્તો તરફથી અધિકમાસ તથા ઠાકરથાળી કરી તે નિમિતે – માંડવી –લંગાટા હસ્તે રમેશભાઇ પટેલ |
| ૨૫૧ | ગોવિંદ મુરજી પિંડોરીયા જન્મદિવસ નિમિત્તે – માધાપર |

## નોંધ : અંક ન મળવા બાબત

હમણાં ઘણા સમયથી ટપાલ દ્વારા પોસ્ટમાં શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ મળતું નથી એવી ફરિયાદો આવે છે. સંદેશ કાર્યાલયમાંથી નિયમિત રીતે દર મહિને દેશ-વિદેશના લગભગ ૯૭૦૦ જેવા અંક પોસ્ટ દ્વારા નિયત કરેલ તારીખે રવાના કરવામાં આવે છે. છતાં ગ્રાહકોની ફરિયાદને ધ્યાને લઈને મુખ્ય પોસ્ટ ઓફિસમાં લેખિતમાં રજૂઆત પણ કરવામાં આવેલ છે.

તેમ છતાં ગ્રાહકોને નમ્ર વિનંતી છે કે તમો તમારા વિસ્તારને લગતી પોસ્ટ ઓફિસમાં તમો પણ લેખિતમાં ફરિયાદ કરીને પોસ્ટ ઓફિસના સિક્કાવાળી એક કોપી પરત લેવી જે તમારા પાસે રહે.

– તંત્રી



# સત્સંગ સમાચાર-દેશ

## પ્રસાદી મંદિર ભુજ

પવિત્ર અધિક શ્રાવણ માસમાં શ્રીપ્રસાદી મંદિર ભુજમાં તા.૨૩-૭-૨૩ પવિત્ર કમલા એકાદશીના દિવસે પૂ.મહંત સ્વામી, કો.પાર્ષદ જાદવજી ભગત, પૂ.સ્વામી શ્રીહરિદાસજી, પૂ.સ્વામી દેવકૃષ્ણદાસજી, પૂ.સ્વામી જગતપાવનદાસજી, ભુજ મંદિરના મુખ્ય કોઠારી પૂ.સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, પૂ.સ્વામી નારાયણવલ્લભદાસજી, પૂ.સ્વામી અક્ષરવલ્લભ





દાસજી, પૂ.સ્વામી ધર્મચરણદાસજી આદિ વડિલ સંતોના સાંનિધ્યમાં કથાવાર્તા તેમજ ભવ્ય ૧૨ હિંડોળા દર્શન તેમજ ૧૨ જ્યોતિર્લિંગના દર્શનના દ્વારા ખુલ્લા મૂકવામાં આવ્યાં હતાં. આ ઉદ્‌ઘાટનના મુખ્ય યજમાન







માનકુવાના રામજીભાઈ ગોપાલ દબાસીયા તેમન માનકુવાના લાલજીભાઈ કલ્યાણ શીયાણી રહ્યા હતા. સાથે સમગ્ર ચોવિસીમાંથી હજારો હરિભક્તોની ઉપસ્થિતિ તેજ સમગ્ર કચ્છ સત્સંગ ચોવિસીમાંથી સાંખ્યયોગી બહેનોએ હાજરી આપી હતી.

આ પવિત્ર અધિક શ્રાવણ માસમાં ૧ મહિના સુધી પૂજ્ય વડીલ સંતોના આશીર્વાદથી દરરોજ રાત્રે ૭ થી ૧૦ શ્રીનીલકંઠ ચરિત્રની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શહેરના હરિભક્તોએ લાભ લીધો હતો. સાથે ભુજ મંદિરની યુ-ટયુબ ચેનલના માધ્યમથી હજારો હરિભક્તોએ કથાનો લાભ લીધો હતો.

અ. કોઠારી સ્વામી હરિપ્રસાદદાસજી

## માંડવી શ્રીસ્વામિનારાયણ મંદિરે ચાતુર્માસ-અધિકમાસ-હિંડોળા ઉત્સવ

ચાતુર્માસ :- ચાતુર્માસના પ્રારંભમાં દેવશયની એકાદશીના દિવસે સવારે મંદિરના સભામંડપમાં દિવ્ય

મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો અને વડીલોએ લાભ લીધો. દરરોજ સવારે પુ.સ્વામી નિર્ભયસ્વરૂપદાસજીના વક્તાપદે શિક્ષાપત્રી ભાષ્યની કથા કરવામાં આવી. અને પુ.સ્વામી દેવનંદનદાસજીના વક્તાપદે શ્રીમદ્‌ભાગવત મહાપુરાણની પારાયણ ચાલી રહી છે. તેમજ દર વદ પક્ષની એકાદશીએ વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજની ધજા ચડાવવામાં આવે છે અને સાથો સાથ કેશરયુક્ત જળથી શ્રીઘનશ્યામ મહારાજનો અભિષેક કરવામાં આવે છે. તથા દર સુદ પક્ષની એકાદશીએ ઠાકોરજી આગળ ઋતુ પ્રમાણેનો ફળકૂટ ઉત્સવ કરવામાં આવે છે.

અધિકમાસ :- પવિત્ર અધિકમાસમાં એક માસ સુધી વર્ષમાં આવતા તિથિ પ્રમાણેના અન્નકૂટ ઉત્સવ, રથયાત્રા, પરશુરામ જયંતી, વરાહ જયંતી, ગણેશ પૂજન, વચનામૃત જયંતી, શિક્ષાપત્રી પૂજન,





ઋષિપંચમી, શાકોત્સવ, શ્રીહરિ પ્રાગટ્યોત્સવ, વિજયા દશમી, વામન જયંતી, હનુમાન પ્રાગટ્યોત્સવ, શ્રીનરનારાયણદેવ પૂજન, શ્રીહરિ વનવિચરણ દર્શન, શ્રીકૃષ્ણ જન્માષ્ટમી, માખણલીલા, કુંજગલી, એકાદશી વગેરે એક વર્ષમાં આવતા ઉત્સવોને અધિકમાસમાં તિથિ પ્રમાણે ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યા.

માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીની આજ્ઞાથી પવિત્ર અધિકમાસ દરમિયાન મંદિરમાં ઠાકોરજી આગળ દરરોજ સવારે મંગળા આરતી કરીને એક કલાક સુધી સ્વામિનારાયણ મહામંત્રની સંગીતના સથવારે ધૂન કરવામાં આવી. ધૂન બાદ યજમાનો દ્વારા વિવિધ પ્રસાદ આપવામાં આવતો. આ ધૂનમાં પણ ઘણા ભાઈઓ-બહેનોએ ભાગ લીધો. અને અધિકમાસના છેલ્લે દિવસે શ્રીઠાકોરજી આગળ મહાઆરતી કરવામાં આવી હતી.

હિંડોળા ઉત્સવ :- તા.૪-૭-૨૩, અષાઢ વદ એકમથી તા.૧-૯-૨૩ શ્રાવણ વદ બીજ સુધી હિંડોળા મહોત્સવ ઉજવવામાં આવ્યો. આ વર્ષ અધિક શ્રાવણ માસ હોવાથી



બે મહિના સુધી ઠાકોરજી આગળ હિંડોળા ઉત્સવની ઉજવણી કરવામાં આવી અને મંદિરમાં વૃન્દાવનમાં રાધાજી ભગવાન શ્રીકૃષ્ણ સાથે ફૂલના હિંડોળામાં ઝુલતા હોય તેવી ઝાંખી તૈયાર કરવામાં આવી હતી. અને એક ૧૨ ફુટના વિશાળ હિંડોળામાં શ્રીઘનશ્યામ મહારાજ ઊભા થઈને હિંડોળામાં ઝુલીને મંદિરના મુખ્ય પગથિયાંથી આવતા ભક્તોને આશીર્વાદ આપતા હોય તેવા દિવ્ય દર્શન થતાં હતાં. આ દિવ્ય હિંડોળામાં માંડવી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા સાંખ્યયોગી બહેનો દ્વારા વિવિધ હસ્તકલા તથા જુદી જુદી વસ્તુઓ દ્વારા નિત્ય નવા હિંડોળા તૈયાર કરવામાં આવતા. આ રીતે ભવ્ય હિંડોળા મહોત્સવ ઉજવવામાં આવ્યો. આ ઉત્સવોમાં કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી અને સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી આદિ સંતોએ જવાબદારી સાથે ઉત્સવોની તૈયારી કરી હતી.

અ. સ્વામી દેવનંદનદાસજી

## મુન્દ્રા શ્રીસ્વામિનારાયણ મંદિરે સંતોના સાંનિધ્યમાં હરિભક્તોને આનંદની હેલી

મુન્દ્રાની ઉગમણી ભાગોળે આવેલ અધ્યાત્મ



સુખના સરનામા સમા સ્વામિનારાયણ મંદિરે અધિકમાસ નિમિત્તે શ્રીઘનશ્યામ બાળલીલાની કથાની પૂર્ણાહુતિ અને કલાત્મક બાર હિંડોળાના ઉદ્ઘાટન પ્રસંગે ભુજ, માંડવી, અંજાર મંદિરેથી પધારેલા સંતોના સાનિધ્યમાં ભજન, ભક્તિ અને ભોજનનો ત્રિવેણી કાર્યક્રમ યોજાઈ ગયો. પોતાના જીવનમાં જે કાંઈ શુભ છે તે સંતોને આભારી છે એવી અકબંધ શ્રદ્ધા ધરાવતા મુન્દ્રાના સર્વે હરિભક્તોએ ભીતરના ભાવથી સંતો અને સાંખ્યયોગી બાઈઓને આવકાર્યા હતા.

શ્રાવણ માસના શુભારંભે મુન્દ્રાના મંદિરમાં પૂ.સ્વામી શ્રીહરિદાસજી, પૂ.સ્વામી ગોલોકવિહારી દાસજી, પૂ.સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી માધવપ્રિયદાસજી, કોઠારી સ્વામી પૂ.દેવપ્રકાશદાસજી આદિ સંતોએ આશીર્વાદ આપતા કહ્યું કે જીવનમાં પદ, પ્રતિષ્ઠા અને પૈસાની સાથે પરમેશ્વરને પણ સાથે રાખી સંકલ્પ ધારણ કરી, નિત્ય મંદિરે દર્શને આવવાની વાત કરી.

સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈની પ્રેરણાથી મુન્દ્રા નવનિયુક્ત એસ.પી.સાહેબશ્રી વલયભાઈ વૈદ્ય આજે સંતોના દર્શને પધાર્યા હતા. તેમની કાર્યદક્ષતા માટે સંતોએ સાહબેશ્રીનું અભિવાદન કર્યું હતુ. આ પ્રસંગે એસ.પી.સાહેબે કહ્યું કે ભુજ મંદિર એ કચ્છ સત્સંગ એ સેવાનો પર્યાય છે, આપત્કાળમાં મંદિરે મોટી ભૂમિકા ભજવી હતી. એસ.પી. સાહેબે સંતોના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

મંદિરમાં આગામી શ્રાવણ વદ-૨ સુધી ચાલનારા હિંડોળા ઉત્સવમાં હરિભક્તો પોતાના ઈષ્ટદેવને હિંડોળે ઝુલતા જોઈને રાજી થાય છે. સાંખ્યયોગી હંસાબાઈ અને ઉર્મિલાબાઈના માર્ગદર્શન





હેઠળ ચંદ્રયાન-૩ થી લઈને ચમચીથી સજાવેલા અવનવા બાર હિંડોળાએ આકર્ષણ જમાવ્યું છે.

આ આધ્યાત્મિક આનંદોત્સવની વ્યવસ્થા માટે પૂજારી કીર્તિભાઈ, ટ્રસ્ટી દિનેશભાઈ, રસિકભાઈ, શિવાભાઈ તથા યુવક-યુવતી મંડળ સહિતના કાર્યકર્તાઓ જોડાયા. આ ઉત્સવમાં હરિભક્ત બહેનો પોતાના ઈષ્ટદેવને રાજી કરવા પોતાના ઘરેથી વિવિધ પ્રકારની વાનગીઓનો અનોખો અન્નકૂટ ધરાવીને ધન્ય થયા હતા. સમગ્ર કાર્યક્રમને અંતે સૌએ ભોજન મહાપ્રસાદ આરોગ્યો હતો.

કલાત્મક બાર હિંડોળાના ઉદ્‌ઘાટન પ્રસંગે ભુજ, માંડવી, અંજાર મંદિરેથી ૨૭ સંતો પધાર્યા હતા અને કચ્છ પ્રદેશમાંથી ૧૬ સાં.યો. બાઈઓ પધાર્યા હતા.

ભુજ મંદિરથી પધારેલા સ્વામી પ્રેમવલ્લભ દાસજીએ પોતાની હળવી માર્મિક શૈલીમાં સત્સંગસભાનું સંચાલન કરી હકડેઠઠ ભરેલા સભાખંડમાં હરિભક્તોને અંતિમક્ષણ સુધી જકડી રાખ્યા હતા.

અ. ડો. કેશુભાઈ

## નખત્રાણા શ્રીસ્વામિનારાયણ મંદિર - અધિકમાસ ઉત્સવ એવમ્ હિંડોળા ઉત્સવ

પરમ કૃપાળુ શ્રીસ્વામિનારાયણ ભગવાનની કૃપા અને ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રીસ્વામિનારાયણ




મંદિર નખત્રાણા મધ્યે પવિત્ર અધિકમાસમાં ઉજવાતા ઉત્સવો તેમજ હિંડોળા ઉત્સવ ધામધૂમથી ઉજવાયા.

અષાઢ વદ-૨, તા.૪-૭-૨૩ મંગળવારના દિવસે હિંડોળા ઉત્સવનો પ્રારંભ થયો. તે દિવસે ગામ અંગીયાથી સાંખ્યયોગી બહેનો આવ્યા ને ઉછવણી કરીને ઠાકોરજીને હિંડોળામાં બિરાજમાન કરી યજમાન બહેનો સાથે આરતી કરીને હિંડોળા ઉત્સવનો પ્રારંભ કરાવ્યો. દરરોજ અલગ અલગ વસ્તુઓ જેવી કે, મોરપીંછ, ધાન્ય, કઠોળ, સૂકોમેવો, શાકભાજી, ફ્રૂટ, ફૂલ, સોપારી વગેરેના હિંડોળા બનાવીને ઠાકોરજીને ઝુલાવીને રાજી કર્યા. ગામના ભક્તો તથા આજુબાજુના ગામના ભક્તો દર્શન કરીને આનંદિત થયા હતા. નખત્રાણા ગામમાં આકર્ષણ જમાવ્યું હતું. હિંડોળા બનાવવાની સેવા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળના બહેનોએ સંભાળી હતી.

તા.૧૮-૭-૨૩ મંગળવાર અધિક પુરુષોત્તમ માસ શ્રાવણનો પ્રારંભ થયો, ૧૯ વર્ષ બાદ અધિકમાસમાં શ્રાવણ મહિનો આવ્યો. એ પરંપરા અનુસાર ભુજ મંદિરના પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી તેમજ પુરાણી સ્વામી જયકૃષ્ણદાસજીના માર્ગદર્શન હેઠળ શ્રીસ્વામિનારાયણ મંદિર નખત્રાણામાં અન્નકૂટ, શિક્ષાપત્રી જયંતી, સરસ્વતી પૂજન, રામનવમી, તુલસી વિવાહ, શરદ પૂર્ણિમા, હનુમાન જયંતી, જન્માષ્ટમી, હાટડી, ફૂલડોલ વગેરે ઉત્સવોનો લાભ યશસ્વી યજમનોએ પોતાની સદ્‌લક્ષ્મી અર્પણ કરીને લીધો હતો.

ઉત્સવો ઉજવવાની પૂર્વ તૈયારી તેમજ ઉત્સવ



ગીત, મુખપાઠ કીર્તન, વકતૃત્વ સ્પર્ધા, નાટક વગેરે કરવામાં આવ્યા હતા. જેમાં શ્રીઘનશ્યામ બાલ-બાલિકા મંડળના બાળકો-બાલિકાઓ તમજ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળના બહેનોએ કાર્યક્રમમાં લાભ લીધો હતો. કાર્યક્રમના અંતમાં પૂજ્ય સાંખ્યયોગી બહેનોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. નખત્રાણા ગામના બહેનો ભક્તો બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.

અ. કચ્છ શ્રીનરનારાયણદેવ યુવતી મંડળ - નખત્રાણા

## ગામદેવી વિશ્રાંતિ ભવન હિંડોળા

ભુજ મંદિર સંચાલિત શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન ગામદેવી ખાતે મંદિરની સ્થાપના કરવામાં આવી છે. આજુબાજુના વિસ્તારના ભક્તો દર્શને આવે છે. અને દર શુક્રવારે સત્સંગસભા થાય છે. અને સંતો પણ સભામાં અવારનવાર જઇ



સમયે ઠાકોરજીનું પૂજન-આરતી વગેરેની સેવા મહિલા મંડળના બહેનોએ સંભાળી હતી. પહેલી વખત અધિકમાસના ઉત્સવો ઉજવવાનો ગામના ભક્તોએ ખૂબ લાભ લીધો. અધિકમાસના અંતિમ દિવસે બધા ભક્તો પોતાના ઘરેથી પવિત્રપણે અલગ અલગ વાનગીઓ બનાવીને લાવ્યા એનો ઠાકોરજીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સૌ ભક્તો પ્રસાદ લઇ છૂટા પડ્યા હતા.

## સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી - નખત્રાણા

તા.૧૫-૮-૨૩ મંગળવારના દિવસે ભારત સ્વાતંત્ર્ય દિવસ હોવાથી ઠાકોરજીને ત્રિરંગાના શણગાર, સિંહાસન તેમજ હિંડોળો પણ ત્રિરંગાથી શણગારીને સુસજ્જ કર્યો. ૭૭ માં સ્વાતંત્ર્ય પર્વના પવિત્ર દિવસે ભવ્યરીતે ઉજવણી કરવામાં આવી. આ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ કરવામાં આવ્યા હતા. બપોરપછી ચાર વાગ્યે અબડાસા પ્રાંતના સાંખ્યયોગી બહેનોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત નૃત્ય, દેશભક્તિ

સત્સંગનું પોષણ બળ આપે છે. અધિકમાસમાં વિશેષ હિંડોળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું અને પાટોત્સવના દિવસે શ્રીહરિકૃષ્ણમહારાજનો અભિષેક કરવામાં આવ્યો હતો. અને નિજ શ્રાવણ માસમાં

તા.૧૮-૮-૨૦૨૩ ના રોજ શિવપૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સંતો દ્વારા પૂજન આરતી થયાં હતાં. દર સભામાં પ્રસાદના યજમાન થઇ ભક્તો સેવા કરે છે. અને ઉત્સાહી હરિભક્તો તન-મન-ધનથી સેવામાં સહયોગ આપી રહ્યા છે. અ મેહુલભાઇ

## પવઇ સત્સંગ ભવન

ભુજ મંદિર સંચાલિત મુંબઇના એરપોર્ટથી નજીક પવઈ વિસ્તારમાં સત્સંગ ભવન છે. ત્યાં સ્થાનિક હરિભક્તો ભેળા મળી સત્સંગ કરે છે. દર શુક્રવારે સભા થાય છે અને હરિભક્તો મહાપ્રસાદ લે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. અધિકમાસમાં વિશેષ હિંડોળાનું



ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન થયું હતું. ઉદ્‌ઘાટન બાદ પૂ.સ્વામીએ દરેકને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અ. લાલજીભાઇ

## વિલેપાર્લે મુંબઇ વિશ્રાંતિ ભુવન રજત જયંતી મહોત્સવ

ભુજ મંદિરના સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી આદિ વડીલ સંતો દ્વારા વિદેશથી આવતા જતાં હરિભક્તો માટે આજથી ૨૫ વર્ષ પહેલાં વિશ્રાંતિ ભુવન બનાવવાનો સંકલ્પ કર્યો અને તા.૧૩-૭-૧૯૯૭ના દિવસે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું અને બે વરસમાં ૬ માળની ભવ્ય ઈમારતનું કામ સંપૂર્ણ થતાં તા.૨૮-૧૨-૧૯૯૯ના રોજ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ૨૫ વર્ષ દરમિયાન લાખો હરિભક્તોને આ ભુવન ખૂબજ ઉપયોગી થયું છે. પૂ.મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી આ વિશ્રાંતિ ભુવનને ૨૫ વર્ષ થઇ રહ્યાં હોઇ સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના



સંતોની નિશ્રામાં અને મુંબઈના હરિભક્તો તથા દેશ-વિદેશના હરિભક્તોના સાંનિધ્યમાં રજતજયંતી મહોત્સવ ૭ દિવસ ઉજવવાનું નક્કી કરેલ છે. સમૂહ ભાગવત કથાનું ભવ્ય આયોજન થશે. એમાં પોથીઓ પણ મૂકવામાં આવશે. ભુજ મંદિરના મહંત સ્વામી સહિત દરેક મંડળધારી સંતો તથા કચ્છના સાંખ્યયોગી બહેનો પણ પધારશે.

**તા.૫-૨-૨૦૨૪ થી ૧૧-૨-૨૦૨૪ દરમિયાન આ મહોત્સવ ઉજવાશે.**

તા.૧૭-૮-૨૦૨૩ ના દિવસે સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, શા.સ્વામી નારાયણમુનિ દાસજી, સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી રામાનુજ દાસજી, સ્વામી તીર્થમુનિદાસજી આદિ સંતો તથા વિશ્રાંતિ ભુવન સંચાલક સમિતિ સાથે આ મહોત્સવના લોગાનું વિમોચન કરવામાં આવ્યું છે.

## બાલ-બાલિકા સત્સંગ પ્રવાસ વિલેપાર્લે મુંબઇ

તા.૨૦-૮-૨૦૨૩ રવિવારના રોજ પાર્લા મંદિરમાં ચાલતા શ્રીઘનશ્યામ બાલ-બાલિકા મંડળના બાળકોનો ૧ દિવસીય સત્સંગ પ્રવાસ ગોઠવાયો હતો. મુંબઈમાં કેશવસૃષ્ટિપાર્કમાં સંતો તથા સાંખ્યયોગી બહેનો પણ પધાર્યા હતા. સવારના ભાગે બાલ સભાનો કાર્યક્રમ કરી ચાલતી ગૌશાળાની મુલાકાત લીધી હતી. બપોરના મહાપ્રસાદ બાદ આનંદ સાથે ખેલકૂદ કરી સાંજે ૫ વાગ્યે પરત થયા હતા. સ્વામી રામાનુજ દાસજીએ બાળકોને પ્રેરણાદાયક વાર્તાઓ કરી હતી. અને સાંખ્યયોગી બહેનોએ બાલિકાઓને જીવનમાં



આવતી મુશ્કેલીઓ કેમ પાર કરવી એ બાબતે સત્સંગના પાત્રોનો ઈતિહાસ દ્વારા હિંમત આપી હતી.

બાલ-બાલિકા મંડળ મંદિરે દર રવિવારે ભરાય છે અને ૧૨૫ થી અધિક બાળકો આ સભામાં જોડાય છે. અને એમના માતાપિતા પણ બાળકોને તેડવા મૂકવા આવે છે. સાથે ઈનામો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

અ. સ્વામી રામાનુજદાસજી

## શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય ભુજ સ્વાતંત્ર્ય પર્વ ૧૫ ઓગષ્ટની ઉજવણી

શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય ભુજમાં સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેમણે પોતાના ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને દેશભક્તિના રંગે રંગાઈ જઈને રાષ્ટ્રની સેવા કરવા જણાવ્યું હતું. શ્રીસ્વામિનારાયણ વિદ્યા સંકૂલના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ વિદ્યાર્થીઓને રાષ્ટ્ર માટે હંમેશાં સમર્પિત રહી દેશદાઝ કેળવવા પ્રેર્યા હતા. કેળવણી મંડળના મંત્રી જગદીશભાઈ વાઘાણીએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રને આઝાદી અપાવનાર રાષ્ટ્રવીરોને હંમેશાં યાદ રાખી તેમના કારણે આપણે આઝાદ ભારતમાં શ્વાસ લઈ રહ્યા છીએ. શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલે ઘર ઘર ત્રિરંગા, ત્રિરંગા યાત્રા જેવા



કાર્યક્રમો દ્વારા દેશના ભાવિ નાગરિક એવા વિદ્યાર્થીઓને દેશભક્તિની ભાવના જાગૃત થાય છે. તેમ વિદ્યાર્થીઓને રાષ્ટ્ર ભાવના કેળવીને હંમેશા રાષ્ટ્રની સેવા કરતા રહો એવી શીખ આપી હતી.

આ પ્રસંગે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીત, નાટક, વાદ્ય વાદન, પીરામીડ અને યોગાસન યોજાયેલા હતા તેમાં વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા શ્રીસ્વામિનારાયણ વિદ્યા સંકુલના સહસંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજી, શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના સંતો સ્વામી અક્ષરપ્રકાશદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, સ્વામી નીલકંઠસ્વરૂપદાસજી સ્વામી ધર્મવિહારી દાસજી, સ્વામી ઘનશ્યામચરણદાસજી, સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ સંભાળ્યું હતું.

આ કાર્યક્રમમાં કેળવણી મંડળના પ્રમુખ ડો.લક્ષ્મણભાઈ હિરાણી, ઉપપ્રમુખ વિનોદભાઈ શીયાણી, વિદ્યાર્થી ભવનના પ્રમુખ અરવિંદભાઈ પિંડોરીયા, ઉપપ્રમુખ ખીમજીભાઈ ભુડિયા, મંત્રી દેવશીભાઈ હિરાણી, કાનજીભાઈ વેકરીયા, પ્રેમજીભાઈ ગોંડરીયા, ધનજીભાઈ ભુવા, મનજીભાઈ મેપાણી, જનકભાઈ ભટ્ટ, અનિલભાઈ ગોર, ચેતનભાઈ બારમેડા વગેરે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રાથમિક વિભાગના આચાર્ય વિનયભાઈ સીલુ, વિજ્ઞાન પ્રવાહ વિભાગના આચાર્ય કલ્પેશભાઈ પટેલ અને તમામ શિક્ષકગણે વ્યવસ્થા સંભાળી જહેમત ઉઠાવી હતી. રવજીભાઈ પટેલ તરફથી વિદ્યાર્થીઓને આ પ્રસંગે મીઠું મોઢું કરાવીને શુભેચ્છા અપાઈ હતી.

## સર્વમંગલયાગ-૩ પ્રારંભ અને પૂર્ણાહુતિ

**સર્વમંગલયાગ અર્થાત્ સંકીર્તનના સથવારે સલુણા સહજાનંદ સ્વામીની સ્નેહ સરીતામાં સ્નાન સૌભાગ્યનો સમાસ**

યજ્ઞ સંસ્કૃતિ આદર્શ સ્વરૂપનિષ્ઠાની સાથે વિશ્વ કલ્યાણ, વિકાસ, શાંતિ, સ્વાસ્થ્ય અને સુખાકારીના શુભ સંકલ્પ સાથે તીર્થધામ ગંગાજી મધ્યે તપોવનધામ રામપર વેકરા દ્વારા કચ્છ સત્સંગમાં સૌ પ્રથમ સંવત-



૨૦૭૪ અધિક જેઠ માસે સર્વમંગલ યાગનો શુભારંભ થયો. આ પ્રથમ યાગની ફળશ્રુતિના પ્રભાવે કચ્છ સત્સંગના વિવિધ સ્થાનો પર સર્વમંગલ યાગની શરૂઆત થઈ. જે સર્વમંગલ નામાવલી અને યાગના મહિમાનું ઉત્તમોત્તમ પ્રમાણ છે. તપોવનધામ દ્વારા સંવત-૨૦૭૭ અધિક આસો માસમાં દ્વિવારમ્ અને આ વર્ષે પણ સંવત ૨૦૭૯ અધિક શ્રાવણ માસે અનેકાનેક દિવ્ય અનુભૂતિઓ સાથે તૃતીયવાર સર્વમંગલ યાગ સંપન્ન થયો. ૧૮ જુલાઈ ૨૦૨૩ થી પ્રારંભાયેલ યાગમાં ૧૬ મી ઓગષ્ટ ૨૦૨૩ સુધી સંચાલક સંતોના શ્રેષ્ઠોત્તમ આયોજન અને માર્ગદર્શન સાથે હરિભક્તો તથા ભૂદેવો દ્વારા ૧૧ લાખ જેટલી આહુતિઓથી શ્રીયજ્ઞનારાયણ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના ભક્તિસભર પ્રયાસો થયા.

હાલે શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવીના નિયત વાડી વિસ્તારમાં સત્સંગ વિચરણ કરતા વરિષ્ઠ સદ્‌ગુરુ પુરાણી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, મંડળધારી સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, તપોવનધામ સંસ્થા પ્રમુખ સદ્‌ગુરુ શા.સ્વામી વિશ્વવલ્લભદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી શાંતિપ્રિયદાસજી, સંસ્થા સંચાલક શા.સ્વામી દેવચરણદાસજી, પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી, ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી, શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, સ્વામી સત્યજીવનદાસજી આદિક મંડળના સર્વે નાનમોટા સંતો, રામપર જુનાવાસ, રામપર નવાવાસ, વેકરા, વાડાસર આદિ ગામોના મંદિરોની સેવા કરતા સાંખ્યયોગી બહેનો તથા કાર્યવાહક કમિટીના સદસ્યો, યજમાનશ્રીઓ, આમંત્રિતો, ટ્રસ્ટીગણ, સંસ્થા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં યજ્ઞશાળાના ભવ્ય શણગાર સહ અધિક શ્રાવણ માસના પ્રતિપદાના દિને પ્રાતઃકાળે વાજતેગાજતે પ્રથમ વિજય ધ્વજ આરોહણ વિધિ કરવામાં આવી. શ્રીદેવોના પૂજનવિધિ બાદ ગુરુકુળ પ્રાંગણમાં શ્રીદેવોની શોભાયાત્રા નીકળી ત્યારબાદ વડીલ સંતોના વરદ્ હસ્તે યથાસ્થાને શ્રીદેવોનું સ્થાપન કર્મ પૂર્ણ થયું. મધ્યાહ્ન બાદ અરણીમંથન માધ્યમે યજ્ઞકુંડમાં અગ્નિદેવનું આહ્વાન કરવામાં આવ્યું. સ્વામિનારાયણ મહામંત્રથી જપેલ જવ-તલ, વૈદિક ગૌમાતાના પવિત્ર ઘી અને હવિષ્યાન અને સર્વમંગલ નામાવલીના ઉચ્ચારણે સર્વમંગલ યાગ-૩નો ભવ્યાતિભવ્ય પ્રારંભ થયો.

વિપુલ પ્રમાણમાં સમિધા, હવિષ્યાન અને ઘીની આહુતિઓ આપવા છતાં યજ્ઞની ભસ્મ અલ્પમાત્રામાં રહી જે યજ્ઞ નારાયણ ભગવાને સ્વયં આહુતિઓ સ્વીકારી તેનું પ્રમાણ છે. યજ્ઞ દરમિયાન નેક આશ્ચર્યકારી ઘટનાઓનાં દર્શન થયેલાં. પ્રતિદિન શ્રીઠાકોરજીની સોડ્શોપચારે પૂજા થતી, પંચામૃત અને તીર્થોદક દ્વારા અભિષેક થતો અને પછી યજ્ઞની શરૂઆત થતી, જેમાં સર્વમંગલ નામાવલીના ત્રણ આવર્તનથી આહુતિઓ અપાતી. પ્રાચીનકાળમાં ઋષિમુનિઓ જે પ્રમાણે જેવી યજ્ઞશાળામાં યજ્ઞ કરતા તેવી જ વૈદિક યજ્ઞશાળામાં યજ્ઞ પરંપરાના નિયમોના ચુસ્ત અનુસરણ સહ, યજ્ઞ કરવા બેસતા હરિભક્તોને થતી. અનેકો દિવ્યાનુભૂતિઓ સમગ્ર પુરુષોત્તમમાસ દરમિયાન યાગ દર્શનાર્થે ધામધામથી પધારેલા સંતો અને કચ્છ ચોવીસી તથા અબડાસાના ગામોથી પધારેલા સાંખ્યયોગી બહેનોની રાજીપા સહ અભિનંદિત મુદ્રા અને આસપાસ તથા દુરસુદૂરથી આવતા ભક્તજનો આદિક સર્વેની



ભાવવંદના યજ્ઞ સ્વંયસેવકોની નિષ્કામ સેવાભાવના યાગની સફળતાના શ્રેષ્ઠ બિંદુઓ છે.

જપ-તપ-વ્રત-દાન થકી વિશેષ ફળના વરદાનોથી મંડિત શ્રીપુરુષોત્તમમાસના અંતિમ અર્થાત પૂર્ણાહૂતિ દિને શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજથી કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ પુરાણી સ્વામી જગતપાવનદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી સ્વંયપ્રકાશદાસજી, સદ્‌ગુરુ કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, માંડવીથી વરિષ્ઠ સદ્‌ગુરુ પુરાણી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, મંડળધારી સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, તપોવનધામ સંસ્થા પ્રમુખ સદ્‌ગુરુ શા.સ્વામી વિશ્વવલ્લભદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી શાંતિપ્રિયદાસજી, સંસ્થા સંચાલક શા.સ્વામી દેવચરણદાસજી, પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી, ગવૈયા સ્વામી શ્રીજીનંદન દાસજી, સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, પુરાણી સ્વામી દિવ્યમુનિદાસજી, સ્વામી સત્યજીવનદાસજી આદિક સંત મંડળના સર્વે નાના મોટા સંતો, રામપર જુનાવાસ, રામપર નવાવાસ, વેકરા, વાડાસર, સરલી આદિક ગામોના મંદિરોની સેવા કરતા સાંખ્યયોગી બહેનો તથા કાર્યવાહક કમિટીના સદસ્યો, યજમાનશ્રીઓ, આમંત્રિતો, ટ્રસ્ટીગણ, સંસ્થા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં વડીલ સંતોના વરદ્ હસ્તે અને ભૂદેવો દ્વારા મંત્રોચ્ચારે વિધિવત્ શ્રીફળ હોમ બાદ સંતો અને યજમાન હરિભક્તો દ્વારા સંપૂર્ણ એક માસ પર્યંત યજ્ઞશાળામાં પ્રધાનપીઠિકા પર બિરાજેલા શ્રીનારાયણ ભગવાનને વાજિંત્ર નાદે ગુરુકુળના વિશાળ પ્રાર્થના ખંડમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ રસશૈલીમાં શ્રીનારાયણ ચરિત્રની



કથામૃતનું પાન કરાવ્યું હતું. ત્યારબાદ સંતો અને યજમાનશ્રીઓ દ્વારા ૩૨ પ્રકારની ઔષધીઓ અને પંચામૃતથી શ્રીહરિકૃષ્ણ મહારાજને અને શ્રીનારાયણ ભગવાનનો અવભૃથ સ્નાનવિધિ થયો હતો. સંતોએ ઉપસ્થિત સર્વે હરિભક્તો અને વિદ્યાર્થીઓને તથા સાંખ્યયોગી બહેનોએ સર્વે કર્મયોગી બહેનોને છંટકાવ સ્વરૂપે અવભૃથ સ્નાન જળની પ્રસાદીથી લાભાન્વિત કર્યા હતા.

સર્વમંગલયાગ-૩ સમગ્ર આયોજનના સ્વપ્રદૃષ્ટા સંચાલક શા.સ્વામી દેવચરણદાસજી અને પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજીના દિશાસૂચન પ્રમાણે યજ્ઞશાળાની સાજસજ્જાથી માંડીને યજ્ઞ માટે આવશ્યક તમામ વ્યવસ્થાઓ, સંતો-હરિભક્તોના ભોજનાલયનું દાયિત્વ સ્વામી સત્યજીવનદાસજી અને સ્વામી શ્યામચરણદાસજીએ સંભાળ્યું હતું. યજ્ઞ દરમિયાન દર્શનાર્થે આંગતુક સંતો, સાંખ્યયોગી બહેનો, યજમાનશ્રીઓ અને હરિભક્તોના સત્કાર અને વહીવટીકાર્યનું વ્યવસ્થાપન સ્વામી કૃષ્ણવલ્લભ દાસજીએ સંભાળેલ. યજ્ઞમાં ઋત્વિજ તરીકે કેતુલભાઈ શુક્લ અને અક્ષયકુમાર વ્યાસ રહ્યા હતા. તેમના સહયોગમાં જેન્તીભાઈ લાલજી પોકાર, શાંતિભાઈ નારાણ ગોગારી, નરેન્દ્રભાઈ વેલજી પોકાર, સામજીભાઈ માવજી પોકાર, જેન્તીભાઈ માવજી પોકાર વગેરે હરિભક્તો રહ્યા હતા.

અ. નયનભાઈ ચાવડા

## શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા - રાષ્ટ્રીય પર્વની ઉજવણી

શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા સંચાલિત, શ્રીપુરુષોત્તમ વિદ્યાલય ગુજરાતી માધ્યમ અને એસ.એસ.જી.એમ. સ્કૂલ (C.B.S.E.) અંગ્રેજી માધ્યમના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૫-૮-૨૩ ના રોજ રાષ્ટ્રીય પર્વ, સ્વાતંત્ર્યદિનની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી.

મંડલેશ્વર સ્વામી પૂ.દેવકૃષ્ણદાસજી આદિ પૂજનીય સંતો તેમજ ટ્રસ્ટીગણના વરદ્ હસ્તે રાષ્ટ્રીય પર્વના પ્રતિક સમા ધ્વજને રાષ્ટ્રગાન સાથે સલામી આપવામાં આવી. ત્યારબાદ એન.સી.સી. કોચ

રામસિંહભાઈ સોઢાના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્લાટૂન સાથે બેન્ડના સથવારે તાલબદ્ધ પરેડ યોજાઈ. પૂજ્ય સંતોના સાનિધ્યમાં ઉપસ્થિત મહેમાનોનું તથા સાંખ્યયોગી બહેનોનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું. અંગ્રેજી તેમજ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ દેશદાઝની લાગણી પ્રગટ કરતા પોતાના વિચારો રજૂ કર્યા હતા. શિક્ષક ધૈર્યભાઈ ગોરે સ્વાતંત્ર્યદિનનો મહિમા વર્ણવી 'નેશન ફર્સ્ટ, ઓલવેઝ ફર્સ્ટ'ની થીમનું વિદ્યાર્થીઓને પુનરોચ્ચાર કરાવ્યું હતું. ગુજરાતી માધ્યમના આચાર્ય મદનસિંહ સાહેબે આઝાદી પૂર્વેના સંઘર્ષવીર શહીદોના બલિદાનને યાદ કરી લોક કવિ ઝવેરચંદ મેઘાણીની દેશદાઝ પ્રેરિત કૃતિઓને સ્મરી હતી. મંડળધારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારી દાસજીએ વિદ્યાર્થીઓને સરળ, સુચારુ વાણીમાં આદર્શ વિદ્યાર્થી બનવાના લક્ષણો કેળવવાની તેમજ દેશભક્ત વીરોના ખરા વંશજ બની આઝાદીને ટકાવી રાખવાની ખુમારી પ્રગટાવવાની પ્રેરણા આપી હતી. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી લક્ષ્મણભાઈ શીયાણીએ વિદ્યાર્થીઓને સૈન્ય ક્ષેત્રે આગળ વધવાની પ્રેરણા આપી હતી. ઉચ્ચ અભ્યાસ સાથે ધ્યેય સિદ્ધ કરી દેશના વિકાસમાં ભાગીદાર થવાની અપીલ કરી હતી.

ત્યારબાદ સંગીત શિક્ષક રવજી આશાણીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા ૨૧ ઢોલના તાલે દેશભક્તિ ગીતોના ગાયન અને વાદન કૃતિઓ રજૂ કરાઈ. બંને માધ્યમના વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે મનોરંજન અર્થે રસ્સાખેંચ સ્પર્ધા યોજાઈ હતી. સૌ વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રોએ આનંદ લીધો હતો.

સ્વાતંત્ર્યપર્વની ઉજવણીના કાર્યક્રમમાં મંડલેશ્વર સ્વામી પૂ.દેવકૃષ્ણદાસજી આદિ સંતગણ, ટ્રસ્ટી ગણ તેમજ માનકુવા ભક્તિનગર મંદિરના સાંખ્યયોગી બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી, તેમજ સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક નિખીલભાઈ પોમલ સાહેબે સંભાળ્યું હતું.

## શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા ખેલ મહોત્સવ

શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા સંચાલિત શ્રીપુરુષોત્તમ વિદ્યાલય ગુજરાતી માધ્યમના ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ નો ખેલ મહોત્સવ તા.૧-૭-૨૩ ના રોજ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો.

ગુરુકુળના પાયારૂપ સિદ્ધાંત એવા શિક્ષણ, સંસ્કાર, સેવા અને શારીરિક સૌષ્ઠવ સાથે વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તેમજ રમતોત્સવમાં બાળકો જુદા જુદા કૌશલ્યોમાં પ્રાવિણ્ય પ્રાપ્ત કરે તેવા શુભાશય સાથે રમતોત્સવ યોજાયો. જેમાં દોડ, ખોખો, કબડ્ડી, ફેંક, કૂદ વગેરે જેવી જુદી જુદી રમતો રાખવામાં આવી.

પૂજ્ય સંતોના સાનિધ્યમાં પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. પૂજનીય સંતો તેમજ ટ્રસ્ટીઓનું વિદ્યાર્થીઓના હસ્તે પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. સંસ્થાના ટ્રસ્ટી લક્ષ્મણભાઈ શીયાણીએ 'જીવન ઘડતરમાં રમતનું સ્થાન અને મહત્ત્વ' વિષયક પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. સંસ્થાના સંચાલક સાધુ આનંદસ્વરૂપદાસજીએ પવિત્ર ગ્રંથ ગીતા તેમજ યુવાઓના આદર્શ એવા સ્વામી વિવેકાનંદજી વિષયક ઉદાહરણો ટાંકીને બાળકોને પ્રોત્સાહનરૂપી આશીર્વચન પાઠવ્યા હતા. ત્યારબાદ ખેલ મહોત્સવને શા. સ્વામી ઉત્તમપ્રિયદાસજીના હસ્તે મશાલ પ્રાગટ્ય દ્વારા 'સ્ટાર્ટ' અપાયો. જુદી જુદી રમતોમાં વિદ્યાર્થીઓએ પોતાના કૌશલ્ય, કરતબ, યુક્તિ-પ્રયુક્તિનો ઉપયોગ કરી રમતનો આનંદ મેળવવાની સાથે ખેલદિલીપૂર્વક રમતોત્સવ માણ્યો હતો.

સંચાલક સાધુ આનંદસ્વરૂપદાસજી, પૂ. સ્વામી ઉત્તમપ્રિયદાસજી, પૂ. સ્વામી નારાયણદાસજી, પૂ.સ્વામી નીલકંઠદાસજીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા સહ આશીર્વાદ આપ્યા હતા. રમતોત્સવ વિશે સંપૂર્ણ માર્ગદર્શન શાળાના આચાર્ય મદનસિંહ ચાવડા સાહેબ દ્વારા સાંપડ્યું હતું. રિયાબેન જંગમ, હિતેશભાઈ ગોસ્વામી, હાર્દિકભાઈ વ્યાસ વચ્ચે જુદી જુદી રમતો બાબતે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સર્વે સ્ટાફ મિત્રોએ જુદી જુદી સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી સહયોગ આપ્યો હતો. અંગ્રેજી માધ્યમના આચાર્ય અરવિંદભાઈ ગોયલની પ્રેરક

ઉપસ્થિતિ રહી હતી. સંપૂર્ણ રમતોત્સવનું સંચાલન પી.ટી.શિક્ષિકા રિયાબેન જંગમે કર્યું હતું.

## શ્રીસ્વામિનારાયણ સંસ્કારધામ માંડવી સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

માંડવી શ્રીસ્વામિનારાયણ સંસ્કારધામ સંચાલિત શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય ખાતે સંસ્થાના સંચાલક શા.સ્વામી સંતસ્વરૂપદાસજીની પ્રેરણા અને માર્ગદર્શનથી ૧૫ મી ઓગષ્ટના ૭૭ માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત સંસ્થાના સંચાલક સંતો તથા માંડવી સ્વામિનારાયણ મંદિરના વડીલ સંતો સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી આદિ સંતો-ભક્તોના વરદ્ હસ્તે અને શાળાના આચાર્યશ્રીઓ જીતેન્દ્રસિંહ સોલંકી તથા દીલીપસિંહ જાડેજા આદિ શિક્ષક ગણ તથા વિદ્યાર્થીઓની હાજરીમાં ધ્વજ ફરકાવી સલામી આપવામાં આવી.

ધ્વજવંદન બાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પરેડ કરી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી. આજના સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ખાસ હાજરી આપનાર શ્રીસ્વામિનારાયણ મંદિરના તમામ સંતો તથા મહેમાનોનું શાળા પરિવાર વતી શાબ્દિક તથા ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ તથા રાષ્ટ્રભાવના પ્રગટ કરતા વકતવ્યો આપી આજના દિવસની મહત્ત્વતા રજૂ કરી હતી. તદુપંરાત વિદ્યાર્થીઓ દ્વારા એકપાત્રીય અભિનય, માઈમ, કોમેડી નાટક, નૃત્ય, દેશભક્તિ નાટક, તલવાર રસ, પિરામીડ જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા. સંસ્થા દ્વારા ઉપસ્થિત સંતોના વરદ્ હસ્તે ધોરણ ૯ થી ૧૨ માં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તથા ગત વર્ષે સારા ગુણાંક સાથે પાસ થનાર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ જાહેર કરી, સારું પરિણામ મેળવવા પ્રેરિત કર્યા.

આજના આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સંસ્થાના સંચાલક શા.સ્વામી સંતસ્વરૂપદાસજીએ પધારેલ સર્વે મહેમાનો, વાલીઓ અને વિદ્યાર્થીઓને સ્વાતંત્ર્ય દિવસની શુભકામના સાથે આશીર્વાદ પાઠવ્યા.

કાર્યક્રમને અંતે શાળાના શિક્ષક શ્રીમહેતા સાહેબ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના સર્વે શિક્ષક ભાઈઓ-બહેનોએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

અ. આચાર્યશ્રી

## મેઘપર ગામે પારાયણ

શ્રીસ્વામિનારાયણ ભગવાન વાલબાઈ નામે હરિભકતના ઘરે પાંચ વખત પધારી થાળ જમીને જે ભૂમિને પાવન કરેલ તે મેઘપર ગામે હાલે હિરાણી પરિવાર દ્વારા, સંતોના સાનિધ્યમાં પાંચ દિવસનો જ્ઞાનયજ્ઞ ઉત્સવ ઉજવાઈ ગયો.

શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રની પારાયણના લંડનથી આવેલ યજમાન પ.ભ. જાદવજીભાઈ વિશ્રામ હિરાણી ધ.પ.કાન્તાબેન, સુપુત્ર વિજય, સુપુત્રી વંદના સપરિવાર રહ્યા હતા. અધિક શ્રાવણ સુદ ૫, રવિવાર, તા.૨૩/૭/૨૩ના સવારે મંગલ પ્રભાતે, યજમાનોના ઘરેથી પોથીયાત્રાને પ્રારંભ થયો. વાજીંત્ર મંડળી સહિત સંતો સાથે યજમાનો દ્વારા પોથીયાત્રા મંદિરે પધારતાં કથા પારાયણનો મંગલ પ્રારંભ થયો. પારાયણના વક્તા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી દેવવિહારીદાસજી એ મધુર કથા શ્રવણ કરાવેલ. સંગીતમાં સ્વામી જનમંગલદાસજીએ સાથ આપેલ.

સંત અ.નિ. સદ્‌ગુરુ સ્વામી શ્વેતવૈંકુઠદાસજી, તથા ફઈ સાં.યો. કેશરબાઈ, તથા પિતાશ્રી અ.નિ. વિશ્રામભાઈ તથા માતૃશ્રી અ.નિ. પુરબાઈ તથા દાદા અ.નિ. મેઘજીભાઈ દાદી અ.નિ. તેજબાઈ, ફઈ કેશરબાઈ તથા પ્રેમબાઈ આદિ પરિવારની પુણ્યસ્મૃતિ માટે પાંચ દિવસની પારાયણનું આયોજન કરેલ. આ પારાયણ સાથે અ.નિ. કલ્યાણભાઈ લક્ષ્મણ કેરાઈની પુણ્યસ્મૃતિમાં શ્રીમદ્‌ભાગવત શાસ્ત્રનું સંહિતાપાઠ કરેલ. તેમાં સ્વામી માધવચરણદાસજીએ મૌનપારાયણ કરેલ.

આ પારાયણ અંતર્ગત જન્મોત્સવ, અન્નકૂટોત્સવ, અભિષેક, મહાઆરતી, રાત્રે રાસોત્સવ

વગેરે ઉત્સવો ઉજવાયેલા. પારાયણ સમાપ્તિ અધિક શ્રાવણ સુદ ૯, ગુરુવાર, તા. ૨૭/૭/૨૦૨૩ ના દિવસે થઈ.

આ પ્રસંગે મંડળના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સ.ગુ.સ્વામી મુકુન્દજીવનદાસજી, સ.ગુ.પુ.સ્વામી હરિબળદાસજી, પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી પુરાણી સ્વામી આનંદમુનિદાસજી, સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી વગેરે સંતો હાજર રહ્યા હતા. તથા માંડવી મંદિરેથી સ.ગુ.પુ. સ્વામી શાંતિપ્રિયદાસજી, સ્વામી શ્રીજીનંદનદાસજી વગેરે સંતો તથા અંજાર મંદિરેથી સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજી, ભુજ મંદિરેથી સ.ગુ.સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ.પુ.સ્વામી શ્રીહરિદાસજી વગેરે  સંતો પધારી દર્શન આશીર્વાદનો લાભ આપેલ.

સમાપ્તિના દિવસે યજમાન પરિવાર દ્વારા આયોજિત ભોજન પ્રસાદનો સમગ્ર ગામજનોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. આવી રીતે હિરાણી પરિવારના સહયોગથી તેના સગા સબંધી તથા સૌ ગામજનોએ સત્સંગનો લાભ લીધો હતો.

## મેઘપર મંદિરમાં હિંડોળા ઉદ્‌ઘાટન

શ્રીસ્વામિનારાયણ ભગવાનની કૃપાથી પાવન થયેલું આ મેઘપર ગામમાં હિંડોળા દર્શન ખુલ્લા કરવામાં આવ્યા હતા. જેમાં લોજપુર લીલા દર્શન, વનવિચરણ લીલા દર્શન, હિમાલય દર્શન, ગૌ દર્શન આદિ લીલા દર્શનના પ્રદર્શન ગોઠવવામાં આવ્યા હતા. સાથે હિંડોળા પણ હતા. આ પ્રસંગે સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિબળદાસજી, પુરાણી સ્વામી પ્રભુલ્લભદાસજી આદિ સંતો પધારી હિંડોળા દર્શન ખુલ્લા મૂક્યા. યજમાનશ્રીઓનું સન્માન અને પધારેલ સંતોના આશીર્વાદ બાદ પ્રસાદ વિતરણ કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

આ હિંડોળામાં કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના ભક્તજનોએ મહેનત કરી હતી.

## શ્રીસ્વામિનારાયણ મંદિર મદનપુર - અધિકસ્ય અધિકં ફલમ્

પવિત્ર અધિક શ્રાવણ (પુરુષોત્તમ) માસ નિમિત્તે અહીં મદનપુર (સુખપર-નવોવાસ) મધ્યે શ્રીસ્વામિનારાયણ બાઈઓના મંદિરમાં તા.૭-૮-૨૩, અધિક શ્રાવણ વદ-૭, સોમવારના રોજ વ્યતિપાત યોગ નિમિત્તે સાંખ્યયોગી બહેનો દ્વારા શ્રીસુખપર બ્રહ્મસમાજના ભૂદેવો તથા સંસ્કૃત પાઠશાળાના ઋષિકુમારોનું બ્રહ્મભોજનનું આયોજન કરેલું હતું. લગભગ ૨૦૧ ભૂદેવો બ્રહ્મભોજનમાં પધાર્યા હતા.

પવિત્ર અધિક માસ એમાં પણ અધિક શ્રાવણ



માસમાં વ્યતિપાત યોગનો ત્રિવેણી સંગમ હતો. તેમાં બ્રહ્મભોજન અને દાન-પુણ્યનો અનેરો મહિમા શાસ્ત્રોમાં વર્ણવ્યો છે. જે ભાગ્યશાળીઓને જ આવો દિવ્ય દિવસ પ્રાપ્ત થાય છે. તેથી બાઈઓના મંદિરના મહંત સાંખ્યયોગી ધનબાઈ ફઈ, તથા સાંખ્યયોગી રામબાઈ ફઈ, સાંખ્યયોગી અમરબાઈ ફઈ આદિ સાંખ્યયોગી બહેનોએ સુંદર આયોજન કરી બ્રાહ્મણોને બ્રહ્મભોજન, દક્ષિણા તથા બ્રાહ્મણ પત્નીઓને સાડી (વસ્ત્રદાન) દક્ષિણા આપી ખૂબ રાજી કર્યા હતા. ગામના કર્મયોગી બહેનો તેમજ ભૂદેવોએ આ કાર્યમાં સાથસહકાર આપ્યો હતો.

અ. રમેશ ખેતાણી

## નારાણપર નીચલોવાસ હિંડોળા ઉદ્‌ઘાટન સત્સંગ વિચરણ

સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીના

મંડળના સંતો વડીલ સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિબળદાસજી, પુરાણી સ્વામી પ્રભુવલ્લભદાસજી, વક્તાપદે પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી અને શા.સ્વામી આનંદમુનિદાસજી, સ્વામી માધવચરણદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી વિચરણ કરવા ગયા હતા. વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશેષ હરિભક્તોએ લાભ લીધો અને હિંડોળા ઉદ્‌ઘાટનમાં વિશેષ હિંડોળામાં ઝુલતા બદ્રીપતિ નરનારાયણદેવ અને ઘનશ્યામ મહારાજ બિરાજમાન હતા. મોટો ઝુલતો હિંડોળો પણ હતો આનો યશસ્વી યજમાનોએ લાભ લીધો અંતે પ્રસાદ વિતરણ કરીને હિંડોળા દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા હતા.

## નારાણપર ઉપલોવાસ અધિકમાસ ઉદ્યાપન

અધિકમાસને ભગવાનનું નામ આપવામાં આવ્યું છે તેથી તેને પુરુષોત્તમ માસ તરીકે ઓળખવામાં આવે છે. એમાં અધિક શ્રાવણ એટલે શિવ અને નારાયણનું એકાત્મપણું દર્શાવે છે. અને આ મહિનામાં જેટલું ભજન અનુષ્ઠાન થાય એટલું તેનો હજારગણો અધિક ફળ મળે છે.

આ અધિકમાસમાં નારાણપર ઉપલાવાસના સાંખ્યયોગી બહેનો તથા કર્મયોગી બહેનો સત્સંગ, કોળિયાવ્રત, એક મહિનાની કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું એમાં કથામાં વિશેષ હરિભક્તો જોડાતા અને વચ્ચે કથા અંતર્ગત નાના પ્રોગામ પણ થતા અને કથાના અંતે પ્રસાદ પણ મળતો એક મહિનાનું આ આયોજન થયું તેમાં ભુજથી ઉદ્‌ઘાટન નિમિત્તે સંતો આશીર્વાદ આપવા પધાર્યા હતા.

મંડળના મંડળધારી સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણ દાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, અંજાર મંદિરથી મહંત સદ્‌ગુરુ સ્વામી કેશવજીવન દાસજી આદિક મંડળના સંતો, માંડવી મંદિરથી મહંત સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના મંડળના સંતો, પ્રસાદી મંદિરથી કોઠારી સ્વામી હરિપ્રસાદદાસજી, ભુજ મંદિરના કોઠારી સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી વગેરે સંતોની ઉપસ્થિતિ હતી. વક્તાપદે શા.સ્વામી આનંદમુનિદાસજી અને સંભા સંચાલક પુરાણી સ્વામી દેવવિહારીદાસજી રહ્યા હતા. અંતે પ્રસાદ વિતરણ કરીને ઉદ્યાપન સમાપન કરવામાં આવ્યું હતું.

## રામપર નવાવાસ હિંડોળાનું ઉદ્‌ઘાટન

રામપર નવાવાસ ગામના યુવાનો ખંત અને સમર્પણતાથી નવાવાસ મંદિરમાં બહુજ ભાવથી શ્રાવણ માસ હિંડોળા દરમિયાન મંદિરમાં બહુજ મોટો હિંડોળો બનાવ્યો છે. તેને દરરોજ અલગ અલગ રીતે સજાવે છે. તેમજ મંદિરના ચોકમાં 'શ્રીનીલકંઠવર્ણી વનવિચરણ દર્શન' નામે બહુજ સારું જોવાલાયક અને પ્રેરણાદાયક પ્રદર્શન બનાવ્યું છે.

આના ઉદ્‌ઘાટન માટે તા.૧૩ રવિવારના વિશેષ સભાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે ભુજથી સંતો સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સ્વામી ભક્તિપ્રકાશ દાસજી, સ્વામી દેવપ્રિયદાસજી, ગંગાજી ગુરુકુળથી પુ.સ્વામી વિશ્વવલ્લભદાસજી, શા.સ્વામી દેવચરણ દાસજી, સ્વામી શ્યામચરણદાસજી વગેરે સંતો પધાર્યા હતા.

વચનામૃત ૩ ની કથા થઈ સંતોએ સેવા અને શ્રાવણ માસ વિશેષ સત્સંગ સભા કરી તે પછી પ્રદર્શન અને હિંડોળાના ચડાવા સાથે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. તેમજ મંદિરના ચોકમાં તૈયાર થયેલ નવી છત્રીનું પણ અનાવરણ કરવામાં આવ્યું.

આ ત્રણેય કાર્યક્રમમાં જે તે યજમાનો સંતો સાથે રહી આરતી ઉતારવાનો લાભ લીધો હતો. આરતી દર્શન અને પ્રસાદ લઈ સભા પૂર્ણ કરવામાં આવી હતી.

અ. યુવક મંડળ

## રામપર જુનાવાસ અધિકમાસ ઉદ્યાપન

અધિકમાસને પુરુષોત્તમમાસ કહેવાય છે. તેમાં આ સાલે વળી ચાતુર્માસમાં શ્રાવણ મહિનો અધિક આવતા ભજન સત્સંગનો મહિમા અનેકગણો વધી ગયો. આ માસમાં સત્સંગ ભજનનું અનુષ્ઠાન અતિ અધિક થયું. આ માસમાં આપણા ભક્તો ખૂબ ભજન સત્સંગ કર્યો.

અધિકમાસમાં રામપરના ભાવિક ભક્તોએ ગંગાજીમાં સ્નાન સાથે ખૂબ ભાવપૂર્વક ભજન કર્યું. તે

મહિના સુધીના આ અનુષ્ઠાનમાં બહેનોના મંદિરના મહંત સાંખ્યયોગી બાઈની આજ્ઞા અને અન્ય બહેનોના સાથ સહકાર અને માર્ગદર્શન પ્રમાણે જનમંગલ નામવલી, ચેષ્ટા, વંદુના પદ, મહાપૂજા, અભિષેક, ધૂન વગેરે ભક્તિ કાર્યક્રમો કર્યા. આ દરેક આયોજનમાં ગામના ૩૦૦ થી વધુ બહેનો ભક્તો ઉમંગભેર ભાગ લેતાં આવા ભજનના કાર્યક્રમ કરવામાં શ્રીજીમહારાજની પ્રેરણાથી દરરોજ ૧૦ ભક્તો પ્રસાદ વહેંચવાની સેવા કરતા.

આ સત્સંગ ભજનની સમાપ્તિ તા.૧૬-૮-૨૩ અમાસના ઉદ્યાપન ભાઈઓના મંદિરમાં વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોના ભાવથી આ સભામાં ભુજ, માંડવી, ગંગાજી ગુરુકુળથી ૧૬ જેટલા સંતો ઉપસ્થિત રહ્યા હતા. શ્રીજીમહારાજની ભક્તિની દઢતાની કથા થઈ તથા આશીર્વાદ આપતા સર્વે સંતોએ શ્રીજીમહારાજના ચરિત્ર તથા વંદુના પાઠ અને પદના આધારે સ્વરૂપનિષ્ઠાની દઢતાના આશીર્વાદ પાઠવ્યા હતા.

છેલ્લે સમગ્ર સભા સાથે મળી મહાઆરતી કરી દર્શન પ્રસાદ લઈ અને ઉદ્યાપન પર્વ ઉત્સવને પૂર્ણ કર્યો હતો. પધારેલ સંતો ભુજથી સ્વામી નીલકંઠચરણ દાસજી, સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સ્વામી અક્ષરવિહારીદાસજી, સ્વામી પ્રેમવલ્લભદાસજી વગેરે તથા માંડવીથી સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, કોઠારી સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી વગેરે અને ગંગાજી ગુરુકુળથી શા.સ્વામી દેવચરણદાસજી વગેરે પધાર્યા હતા. સ્વામી દેવવિહારીદાસજીએ કથાનો લાભ આપ્યો હતો. શા.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીએ સમગ્ર કાર્યક્રમને સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું.

અ. હીરજીભાઈ

## સરલી મંદિરે હિંડોળાનું ઉદ્‌ઘાટન

શ્રીસ્વામિનારાયણ ભગવાનના ચરણારવિંદથી પાવન થયેલ આ સરલી ગામમાં અનેક તીર્થસ્થાનો આવેલ છે. આ ગામે આ વર્ષે બંને નવા મંદિર બન્યા છે. તેમાં પુરુષોના નવા મંદિરમાં ગામના કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનોની સેવાથી ‘સરલી તીર્થ દર્શન’ નામનું દર્શનીય પ્રદર્શન બનાવ્યું છે. તેના ઉદ્‌ઘાટન તથા હિંડોળાનું ઉદ્‌ઘાટન તા.૧૫-૮-૨૩ સોમવારના રોજ કરવામાં આવ્યું. તે નિમિત્તે વિશેષ સભાનું આયોજન કરેલ હતું.

આ પ્રસંગે સદ્‌ગુરુ પુરાણી સ્વામી સ્વયંપ્રકાશદાસજી, શા.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સ્વામી દેવપ્રિયદાસજી વગેરે સંતો પધાર્યા હતા. હિંડોળા તથા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે ગામના સર્વે હરિભક્તો હાજર રહી આ કાર્યક્રમને શોભાવ્યો હતો. છેલ્લે આરતી કરી મહાપ્રસાદ લઈ આ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.

અ. ગોવિંદભાઈ

## મીરજાપર કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળનો એક દિવસીય સત્સંગ પ્રવાસ

કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ મીરજાપર દ્વારા ૧ દિવસીય સત્સંગપ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૦-૮-૨૩ના સવારે ૫૦ જેટલા યુવાનો સંતો સાથે નખત્રાણાથી ૧૬ કી.મી.ના અંતરે આવેલ ‘કોટ મહાદેવ’ના મંદિરે ગયા. ત્યાં મહાદેવજીના દર્શન કર્યા. આ મંદિર આશરે ૫૦૦ વર્ષ પુરાણું તીર્થ છે. ત્યાં બાજુમાં આવેલ નદીમાં સ્નાન કરી સત્સંગ સભાનું આયોજન કર્યું. કોઠારી સ્વામી દેવવિહારીદાસજીએ સ્વ માટે આપણાં અંદરની શાંતિની ખોજ કરી અંતરમાં ઠાકોરજીના દર્શન કરવાથીજ શાંતિનો અનુભવ થાય છે. એવી આધ્યાત્મિક અને હાસ્યસભર વાતો કરી બપોરની માનસીપૂજા શિખવાડી અને ઠાકોરજીને થાળ અર્પણ કરી પ્રસાદ આરોગ્યો હતો. સ્વામી સુવ્રતમુનિદાસજીએ દરેક કાર્ય ઠાકોરજીને સાથે રાખીને કરવા એવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ત્યારપછી ત્યાંથી રોહા કોટ ગયા ત્યાં ડુંગર ઉપર ચડી પ્રાકૃતિક સૌંદર્યના-કુદરતી કળાના દર્શન કર્યા. સાંજે ત્યાંથી પરત મીરજાપર આવ્યા આમ સંતોના સાંનિધ્યમાં ૧ દિવસીય સત્સંગ પ્રવાસમાં આનંદ અને શાંતિ સાથે કુદરતી સૌંદર્યનો લાભ મળ્યો.

અ.વિવેક ગોંડલીયા






# સત્સંગ સમાચાર-વિદેશ

### શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોના

# આંગણે ભાવવંદના મહોત્સવ

શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોના આંગણે ૨૫ વર્ષે પૂર્વે ભુજધામના સંતો અને ભગવાનના સહજાનંદી સિંહ સમાન ઉત્સાહી અને ખમીરવંતા ભક્તોના સંકલ્પથી બાળ-યુવક મંડળની સ્થાપના થઈ. તેમને વધુ વેગ આપવા ભુજ મંદિરના દીર્ઘદષ્ટા મહાપુરુષ અ.નિ.મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીએ યુવા ધનને રક્ષણ માટે ૧૭ વર્ષ પૂર્વે ભુજધામથી સદ્‌ગુરુ સ્વામી મુક્તવલ્લભદાસજી, શા. સ્વામી દેવચરણદાસજી અને શા.સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજી આ ત્રણ સંતોને યુ.કે. યુવક મંડળ માટે જવાની આજ્ઞા કરી અને સત્સંગને વધુ પોષણ મળ્યું.

આવું વિકસિત અને સુરક્ષિત બાળ-યુવક મંડળને ૨૫ વર્ષ થતાં તેની ભવ્યાતિભવ્ય ૩ દિવસની ઉજવણી કરવામાં આવી. તેમાં ખાસ કરીને ભૂતકાળમાં કેવા સમયમાં સત્સંગ થયો અને તેનું પોષણ અને રક્ષણ કેવી રીતે થયું અને વર્તમાનકાળમાં સત્સંગ ક્યાં પહોંચ્યો અને હવે ૨૫ વર્ષ પછી સત્સંગને ક્યાં પહોંચાડવાનો છે તેની મર્મભરી વાતો સાથે ચિંતન કરવામાં આવ્યું. તેની સાથે અત્યારના યુવાનોને સત્સંગમાં મુંઝવતા આધ્યાત્મિક, પારિવારિક કે વ્યવસાયી સંબંધી પ્રશ્નોનું નિરાકરણ સંતોના માધ્યમથી કરવામાં આવ્યું. આ ઉત્સવને સાકાર કરવા ભુજધામથી સદ્‌ગુરુ સ્વામી મુક્તવલ્લભદાસજી, સદ્‌ગુરુ સ્વામી પરમહંસદાસજી, શા.સ્વામી દેવચરણદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગત, શા.સ્વામી સુખનંદનદાસજી, શા.સ્વામી ઘનશ્યામનંદનદાસજી પધાર્યા હતા. અને આ ઉત્સવને વધુ દીપાવવા ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવન દાસજી પધારીને વિદેશમાં રહીને સત્સંગ સેવા અને









ભગવાનની નિષ્ઠા સાથે ભક્તિ કરતા ભકતોને જોઈને પોતાના અંતરનો રાજીપો વરસાવ્યો હતો.

૩ દિવસના ઉત્સવની પૂર્ણાહુતિ બાદ કેન્ટન હેરો મંદિરમાં બહેનોના સમૂહ યજમાન હેઠળ ધામધૂમથી અનેક ઉત્સવોથી ભરપૂર અને બહેનો ભક્તોનો ભગવાન પ્રત્યેના પ્રેમભાવને સાકાર કરવા તા.૨૪-૯-૨૩ થી તા.૩૦-૭-૨૩ સુધી ભાવવંદના મહોત્સવ સપ્તદિનાત્મક હરિસ્મૃતિની કથાનું આયોજન કરેલ જેમાં ૨૦૦૦ જેટલા ભક્તોએ યજમાનપદ સ્વીકારી શ્રીહરિ પ્રત્યેના સમર્પણભાવના દર્શન કરાવ્યાં હતાં. કથાના વક્તાપદે યુ.કે. સત્સંગ વિચરણ કરવા પધારેલા સદ્‌ગુરુ સ્વામી જ્ઞાનપ્રકાશદાસજીના નેજા હેઠળ શા.સ્વામી આનંદવલ્લભદાસજી, શા.સ્વામી નારાયણપ્રિયદાસજી, શા.સ્વામી મુરલીમનોહરદાસજી, પુ.સ્વામી નૌતમપ્રકાશદાસજી, શા.સ્વામી સુખનંદન દાસજીએ પોતાની મધુર શૈલીમાં હરિસ્મૃતિ કથાનું રસપાન કરાવ્યું હતું. આ કથા અંતર્ગત રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમમાં બહેનો દ્વારા નૃત્ય, નાટક, ભજન સંધ્યા, મહારાસોત્સવ આદિક કાર્યક્રમોમાં ભક્તજનો ભાગ લઈને જીવન સાર્થક કર્યું હતું. એક દિવસ તો સમગ્ર બહેનો ભક્તોએ શ્રીઠાકોરજીને અભિષેક કરી જીવનમાં



અનેરો લાભ લીધો હતો.

આ ઉત્સવમાં કથા શ્રવણ સાથે રસોડા વિભાગ, સિક્યોરીટી, ડેકોરેશન, મિડિયા, મેડીકલ વગેરે અલગ અલગ વિભાગોમાં રહીને ઉત્સવમાં ભગવાનને ભગવાનના ભક્તોને રાજી કરવા તનતોડ નિઃસ્વાર્થ સેવા કરી સંતો-ભક્તોનો રાજીપો મેળવ્યો હતો.

આ ઉત્સવને કેવી રીતે સફળ બનાવવો અને કોઈ ભક્તોની ભાવનાને ઠેસ ના પહોંચે તે માટે મંદિરના ટ્રસ્ટીઓ અને કમિટીના સભ્યો અનુસંધાન સાથે આ ભાવવંદના મહોત્સવને ભગવાનના ચરણે સમર્પિત કરી સર્વે ભક્તોનો રાજીપો મેળવ્યો હતો.

# શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર લંડન-કેન્ટન હેરો

રવિવાર તા.૧૬-૭-૨૩ના દિવસે આપણા મંદિરની વાર્ષિક સામાન્યસભા બોલાવવામાં આવેલ. જેમાં ટ્રસ્ટી ધનજીભાઇ પરબત પટેલે ટ્રસ્ટીનો અહેવાલ વાંચી સંભળાવ્યો અને ત્યારબાદ મંદિરના ખજાનચીશ્રી ધર્મેન્દ્રભાઇ ધનજી જેશાણીએ આવક-જાવકના હિસાબ વાંચી સંભળાવેલ, ત્યારબાદ ચૂંટણી કમિશનર નિયુક્ત કરવામાં આવેલ અને તેના હેઠળ આવતા પાંચ વર્ષના ટ્રસ્ટીની ચૂંટણી અને આવતું એક વર્ષ કમિટીની ચૂંટણી કરવામાં આવેલ જે નીચે મુજબ ચૂંટાયેલ છે. અને વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૩ કાર્યવાહી કમિટીની ચૂંટણી કરવામાં આવેલ જેની નામાવલી નીચે મુજબ છે.

**ટ્રસ્ટીઓ વર્ષ ૨૦૨૩ - ૨૦૨૮ સુધી :** વિશ્રામભાઇ વાઘજી માયાણી દહીંસરા, દેવજીભાઇ કરસન માયાણી દહીંસરા, ધનજીભાઇ પરબત પટેલ (હાલરીયા)કેરા, શીવજીભાઇ નારાણ રાબડીયા સરલી, સુરેશભાઇ શીવજી રાબડીયા માંડવી, હરીશભાઇ કરસન જેશાણી દહીંસરા, રીકીનભાઇ દિનેશ કેરાઇ માંડવી.

**મુખ્ય હોદેદારો :** પ્રમુખ : સુરેશભાઇ શીવજી રાબડીયા માંડવી, ઉપપ્રમુખ : કાનજીભાઇ મનજી કેરાઇ રામપર, મંત્રી : રીકીનભાઇ દિનેશ કેરાઇ માંડવી, સહમંત્રી : હરીશભાઇ કરસન જેશાણી દહીંસરા, મદદનીશ મંત્રી : અરવિંદભાઇ પ્રેમજી હાલાઇ દહીંસરા, સંયુક્ત ખજાનચી : લલિતભાઇ કરસન ભંડેરી માંડવી, સંયુક્ત ખજાનચી : ધર્મેન્દ્રભાઇ ધનજી જેશાણી બળદિયા.

**સભ્યો :** મનજીભાઇ કેશરા હિરાણી સુખપર-રોહા, નાનજીભાઇ માવજી જેશાણી દહીંસરા, અરવિંદભાઇ કરસન ભંડેરી માંડવી, ધીરજભાઇ ધનજી પટેલ વાડાસર, માવજીભાઇ શીવજી વરસાણી સામત્રા, ભાવેશભાઇ દિનેશ કરસન દહીંસરા, નારાણભાઇ વેલજી ભુડિયા નારાણપર, દેવજીભાઇ કરસન માયાણી દહીંસરા, વાલજીભાઇ વિશ્રામ કારા માંડવી, વિકાસભાઇ રજનીકાંત પટેલ વાડાસર, વિવેકભાઇ ઉપેન્દ્રસિંહ પરમાર મૂળી.

પ્રમુખશ્રી સુરેશભાઇએ બધાય સેવા કરી અને કરતા રહે એવી નમ્ર પ્રાર્થના કરેલ અને બધા હળીમળીને સાથે રહેશું તો મંદિરની અને ઘનશ્યામ મહારાજની શોભા વધારે ને વધારે કરી શકશું, છેલ્લા પાંચ વર્ષ સેવા કરેલ ટ્રસ્ટીઓને સુરેશભાઇ રાબડીયાએ આભાર વ્યક્ત કરેલ. એવી રીતે અન્ય કામકાજ બાદ મિટીંગને પૂર્ણ કરવામાં આવેલ.


પ્રમુખશ્રી,
સુરેશ શીવજી રાબડીયા
મંત્રીશ્રી
રીકીન દિનેશ કેરાઇના જય શ્રીસ્વામિનારાયણ

## વોટ્સએપથી 'ધર્મસંદેશ' મેળવવા બાબત

**દેશ-વિદેશના આજીવન ગ્રાહકો માટે અગત્યની સૂચના**

શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશના આજીવન ગ્રાહકોને જણાવવાનું કે 'ધર્મસંદેશ' વોટ્સએપથી મેળવવા રજીસ્ટર થયેલ નામ, ગ્રાહક નંબર (અંકના કવર - રેપર પર દર્શાવેલ હોય છે) ગામનું નામ અને આપના વોટ્સએપ મોબાઈલ નંબર (૭૫૬૭૬૦૪૦૦૦) આ નંબર ઉપર વિના વિલંબે મોકલી આપશો. પોસ્ટની સાથે આપના ફોનમાં પણ આ ધર્મસંદેશ અંક મોકલી આપવામાં આવશે.

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2020/UPTO 31-12-2020



# ચંદ્રયાન-૩ ની જલવંત સિદ્ધિ

શ્રીનરનારાયણદેવની અસમી કૃપાથી આપણો ભારત દેશ ખૂબજ ઝડપથી વિકાસની વણથંભી કૂચ કરી રહેલ છે. અનેક ક્ષેત્રોમાં વિકાસની હરણફાળ જોઇ જાણીને આપણે સૌ ઉન્નત મસ્તકે ગૌરવ લઇ શકીએ છીએ. તાજેતરમાં જે સિદ્ધિ સાંપડી જેની વિશ્વે નોંધ લીધી. ભારતના કર્મનિષ્ઠ જ્ઞાનનિષ્ઠ વૈજ્ઞાનિકોએ ખૂબજ ખંતપૂર્વક ધૈર્યથી સંકલ્પબળે જે સિદ્ધિ પ્રાપ્ત કરી. તે થકી આપણો ભારત દેશ વિશ્વફલક પર સર્વશ્રેષ્ઠ પદાર્પણ કરેલ છે.

ઇસરોના તમામ વૈજ્ઞાનિકોના સહિયારા પરિશ્રમના પરિપાકરૂપે ચંદ્રયાન-૩ ચંદ્ર ઉપર મોકલવામાં આવેલ તે ખૂબજ સફળતાપૂર્વક ચંદ્રની ઉપર દક્ષિણ ધ્રુવ ઉપર પદાર્પણ કરેલ છે. જે સ્થાન આજસુધી વિશ્વનો કોઇપણ દેશ પહોંચી શકેલ નથી. આવી જલવંત સિદ્ધિ વૈજ્ઞાનિકોની કુશાગ્ર બુદ્ધિ થકી સાંપડેલ છે. જે માટે ભારતના લાડીલા વડાપ્રધાન માનનીય શ્રીનરેન્દ્રભાઇ મોદીએ સહર્ષ નોંધ લઇ વૈજ્ઞાનિકોની પીઠ થાબડી છે. ભવિષ્યમાં અંતરિક્ષ ક્ષેત્રે સવિશેષ પ્રગતિ કરી સૂર્યયાન, મંગળ, શુક્ર તરફ પહોંચવાનું લક્ષ રાખવાની નેમ રાખીને સમગ્ર દેશ આની નોંધ લઇ વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા છે. સમગ્ર વિશ્વમાંથી માનનીય વડાપ્રધાનશ્રી તથા વૈજ્ઞાનિકોને અભિનંદનની વર્ષા સાંપડેલ છે.

ભુજ મંદિરે પણ આ વિકાસની નોંધ લઇ માનનીય વડાપ્રધાનશ્રી તથા સમગ્ર વૈજ્ઞાનિકોને આશીર્વાદ પાઠવે છે અને આવી અદ્વિતીય સિદ્ધિ બદલ ગૌરવ અનુભવે છે.

તંત્રીશ્રી



## શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિર
## પ્રતિષ્ઠા મહોત્સવ-અંજાર

ભવ્યાતિભવ્ય ઉત્સવ ઉજવણી અંજાર

| :: મહોત્સવ પ્રારંભ :: | :: મૂર્તિ પ્રતિષ્ઠા :: | :: મહોત્સવ સમાપન :: |
|---|---|---|
| ફાગણ વદ-૧૪ | ચૈત્ર સુદ-૩ | ચૈત્ર સુદ-૫ |
| રવિવાર તા.૭-૪-૨૦૨૪ | ગુરુવાર તા.૧૧-૪-૨૦૨૪ | શનિવાર તા.૧૩-૪-૨૦૨૪ |